Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ


પુસ્તક ૪૮ મું. આત્મ સં. ૫૫ સંવત ૨૦૦૭.

અંક ૨ જો. તા. ૧૫-૯-૫૧ ભાદ્રપદ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રીમહાવીર સ્તવન ... ... ... ...( મુનિ૦ શ્રી લક્ષ્મીસાગરજી મ૦ ) ૧૭
૨ નયચક્રસાર અને બૌદ્ધ ગ્રંથ ... ... ...( મુનિ૦ શ્રી જમ્બૂવિજયજી મ૦ ) ૧૮
૩ આ સભાના સાહિત્ય પ્રકાશનમાટે ( શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજનો અભિપ્રાય ) ૨૧
૪ અષ્ટમ શ્રી અનંતવીર્ય જિન સાથે સ્તવન... ... ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) ૨૨
૫ તુંહી દુઃખમારે દિલાસો... .. ... ( સદ્દગત મૂળચંદ આશારામ ઝવેરી વૈરાટી ) ૨૬
૬ શંકા અને સમાધાન... ... ... ( પૂજ્ય આ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજ ) ૨૭
૭ કલ્યાણના સૂત્રો ... ... ... ( મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ ) ૩૦
૮ શ્રી શ્રમણસંઘની હિંદના સકલસંઘને સૂચના ... ... ... ... ... ૩૧
૯ શ્રી સિદ્ધક્ષેત્રે આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થયેલ અઠ્ઠાઇમહોત્સવ તપસ્યા વિગેરેનું વર્ણન... ... ... ... ... ... ... ... ૩૩
૧૦ શ્રી નયચક્રસાર ગ્રંથ માટે જોઇતા ઉપયોગી બૌદ્ધ ગ્રંથો મેળવવા મુનિરાજશ્રી જમ્બૂવિજયજી મહારાજે કરેલો પ્રશંસનીય પ્રયાસ ... ... ... ... ... ... ૩૫
૧૧ સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ... ... ૩૫



**અમારા શ્રી આત્માનંદ પ્રકાશના માનવંતા ગ્રાહકોને અપૂર્વ ભેટનો લાભ.**

પુસ્તક ૪૯ ની સં. ૨૦૦૭ ના શ્રાવણથી સં. ૨૦૦૮ ના અશાડ સુધીના બાર માસ એક વર્ષની ) ભેટની બુક તરીકે ( ૧ પંચ પરમેષ્ઠી ગુણ રત્નમાળા, ૨ આચારોપદેશ તથા ૩ જ્ઞાનામૃત કાવ્યકુંજ ) એ ત્રણ બુકો પૈકી અમારા માનવંતા ગ્રાહકોને જે પસંદ હોય તે બુક ઉપરોક્ત એક વર્ષનું લવાજમ વસુલ કરવા માટે રૂા. ૩-૮-૦ સાડા ત્રણ રૂપીયાનું ( પોસ્ટદ્વારા ) વી. પી. ભાદરવા ૬ ગુરૂવારથી રવાના કરવામાં આવેલ છે, જેથી સ્વીકારી લઇ અમોને ઉપકૃત કરશો. વી. પી. પાછું વાળી જ્ઞાનખાતાને ખોટી રીતે નુકસાન ન કરવા નમ્ર વિનંતિ છે. અગાઉ લવાજમ મોકલનારને રૂા. ૩-૪-૦ વી. પી. સિવાય ભેટની બુક મોકલવામાં આવશે. આ બાબત અમારા સર્વ ગ્રાહકને પ્રથમથી પોસ્ટકાર્ડ મોકલી ખબર આપવામાં આવેલ છે.

**આ માસમાં થયેલ માનવંતા લાઇફ મેમ્બરો.**

( ૧ ) શ્રી મોમ્બાસા જૈન શ્વેતાંબર દેરાવાસી સંઘ. ( ૨ ) શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા.

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ (સચિત્ર) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર, આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી **નવા થનારા લાઇફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઇફ મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૩) તેર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૭. ભાદરવો. પુસ્તક ૪૯ મું.
વિક્રમ સં. ૨૦૦૭. :: તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૧ :: અંક ૨ જો.

## શ્રીમહાવીર–સ્તવન.

( રાગ–દેખી શ્રીપાર્શ્વતણી મૂર્તિ અલબેલડી )

દેખી શ્રી વીરતણી મૂર્ત્તિ અલબેલડી, નયનોમાં શીતળતા થાય રે.
વીરતણી, મૂર્ત્તિ અલબેલડી—આં૦ ૧
આંખોને ઠારતી ને, કર્મોને કાપતી, મૂર્ત્તિ એ મોક્ષસુખ આપતી–વીર૦ ૨
ત્યાગના હીંડોળે એ, મૂર્ત્તિ ઝુલાવતી, ક્રોધ કષાયો મૂકાવતી–વીર૦ ૩
ભવ્યોએ શરણું જો, એનું લીધું તો, નાથ બનીને એ તારતી–વીર૦ ૪
આર્દ્ર મુનિને એ, મૂર્ત્તિએ તાર્યા, કર્મ કીધાં ચકચૂર રે–વીર૦ ૫
જ્ઞાન વગર મુજ, સુકા ઉદ્યાનમાં, મૂર્ત્તિ અમૃત સિંચનાર રે–વીર૦ ૬
સાચું વંદન એક, મૂર્ત્તિને થાય તો, મૂર્ત્તિ એ તારણહાર છે–વીર૦ ૭
શ્યામ હૃદયને એ, શુદ્ધ બનાવતી, જ્ઞાન દીપક પ્રગટાવતી–વીર૦ ૮
સર્વ હી દેવો, શ્રી તારણહાર છે, તરવાને મૂર્ત્તિ એ જહાજ છે–વીર૦ ૯
લક્ષ્મીસાગર કહે, પ્રભુ એ નાવ છે, તરવાનો સાચો આધાર છે–વીર૦ ૧૦

રચયિતા—મુનિશ્રી લક્ષ્મીસાગરજી–વિજાપુર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्तु जिनेन्द्राः ॥

# નયચક્રગ્રંથ અને બૌદ્ધસાહિત્ય

( ગતાંક પૃ. ૧૨ થી શરૂ )

લેખક—મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ.

**સં. ૨૦૦૨** ના પ્રારંભમાં નયચક્રનું સંપાદન-સંશોધનકાર્ય મેં સ્વીકાર્યા પછી થોડા જ વખતની વાત છે. સં. ૨૦૦૨ ના શિયાળામાં હું **પુનામાં** હતો. તે વખતે ડૉ. **પી. એલ.** વૈદ્ય જ્યારે અમને મળવા આવેલા ત્યારે અમારે દાર્શનિક સાહિત્ય સંબંધી ઘણી ઘણી વાતો થયેલી. ડૉ. **પી. એલ.** વૈદ્યને દાર્શનિક સાહિત્યનું ઘણું સારું જ્ઞાન છે તેમજ તેમણે ટિબેટન તેમજ ફ્રેંચ ભાષાનો પેરીસમાં રહીને અભ્યાસ કરેલો હોવાથી કેટલાંક દુર્લભ પુસ્તકોનો સંગ્રહ પણ તેમની પાસે સારા પ્રમાણમાં છે. આથી એક વખતે હું **પી. એલ.** વૈદ્યને સાહિત્યિક કામ માટે મળવા ગયેલો ત્યારે તેમણે એક પાનાં ઉપર લખેલું **હસ્તવાલપ્રકરણ**( સટીક ) મને બતાવ્યું, કે જે તેમણે ઇસ્વીસન ૧૯૧૮ ના રોયલ-એસિઆટિક સોસાયટી, લંડનના જર્નલમાં છપાયેલા તથા ( F. W. Thomas ) **એફ. ડબલ્યુ. થોમસે** સંપાદિત કરેલા **હસ્તવાલપ્રકરણ** ઉપરથી ઉતારી લીધું હતું. મેં તો આની ઉપયોગિતા-નિરુપયોગિતાનો વિચાર કર્યા સિવાય જ ભવિષ્યમાં કદાચ કોઇ વખતે કામમાં આવશે એમ સમજીને કોપી જ કરી લીધી.

ચીન અને ટિબેટમાં દોઢ હજારથી પણ વધારે વર્ષ પહેલાં બૌદ્ધ ધર્મ પહોંચી ગયો છે. તે દેશના લોકો બૌદ્ધ ધર્મના તત્ત્વજ્ઞાનને અને તર્કશાસ્ત્રને સરળતાથી સમજી શકે તે માટે ચીની અને ટિબેટન ભાષામાં બૌદ્ધ સાધુઓએ સેંકડો સંસ્કૃત બૌદ્ધગ્રંથોના ભાષાંતરો કરેલાં હતાં જે આજે પણ ઘણાંખરાં વિદ્યમાન છે. જો કે એ મૂળ સંસ્કૃત ગ્રંથો આજે મોટા ભાગના નાશ પામી ગયા છે તો પણ તેનાં ચીનાઈ અને ટિબેટન ભાષાંતરો એ મૂલ ગ્રંથોના અભાવમાં લગભગ મૂલગ્રંથ જેવું જ કામ આપે છે. તેમાં પણ ટિબેટન ભાષાંતરો પ્રાયઃ એવાં અક્ષરશઃ કરવામાં આવતાં હતાં કે એ વાંચતાં આપણને એમ જ લાગે કે જાણે આપણે મૂલ સંસ્કૃત ગ્રંથો જ વાંચી રહ્યા છીએ. કેટલાક વિદ્વાનો હમણાં હમણાં ટિબેટન ભાષાનો અભ્યાસ કરીને તેનું સંસ્કૃતમાં ભાષાંતર કરવાના કામમાં લાગેલા છે. જો કે આ સંસ્કૃતથી મૂળનું સ્વરૂપ કયારેય ન જ આવે પણ અર્થ અને આશયથી તો મૂળ સંસ્કૃત ગ્રંથને ઘણાખરા અંશે એ મળતું આવે એમ કહી શકાય. જો કે આ કામ હાથમાં લેતાં પહેલાં ટિબેટન જેવી બીલકુલ અણુખેડાયેલી, કઠિણ અને અવ્યવસ્થિત તથા જુદી જ લિપિ ધરાવતી ભાષાનું ઘણું સુંદર અનુભવજ્ઞાન મેળવી લેવું જોઇએ.

**ઈન્ડીઆ ઓફિસ**( લંડન )ના ડૉ. **થોમસે** પણ આ રીતે ટિબેટન-ચાઇનીઝ ઉપરથી આ **હસ્તવાલપ્રકરણ**નું સંસ્કૃત કરીને ટિબેટન ચાઇનીઝ તથા ઇંગ્લીશ ભાષાંતર સાથે **રો. એ. સો. લંડનના** સને ૧૯૧૮ ના જર્નલમાં પૃ. ૨૬૭ થી ૩૧૦ સુધીના પાનાંમાં છાપ્યું છે. પ્રારંભમાં વિસ્તૃત પ્રસ્તાવના પણ **થોમસે** આપેલી છે. **ટિબેટના** લોકો આને **આર્યદેવ**ની કૃતિ માને છે, જ્યારે **ચીના** લોકો **દિઙ્નાગ** કે જે બૌદ્ધન્યાયનો પિતા ( Father of the Buddhist Logic. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાય છે તેની કૃતિરૂપે આ ગ્રંથને માને છે. અસ્તુ **હસ્તવાલપ્રકરણ**ના નામનો ચોક્કસ અર્થ સમજાતો નથી. ટિબેટન ભાષાંતરના ગ્રંથોમાં પ્રારંભમાં '**ग्यॅर्-स्कद्-दु**' (એટલે 'ભારતની ભાષામાં') એવા ઉલ્લેખપૂર્વક ગ્રંથનું સંસ્કૃત નામ આપવામાં આવે છે અને ત્યાર પછી **बोद्-स्कद्-दु** (ટિબેટની ભાષામાં) એવા ઉલ્લેખપૂર્વક તે નામનું ટિબેટન ભાષાંતર આપવામાં આવે છે. ટિબેટન પ્રતિઓમાં **हस्तबलप्रकरणवृत्ति** સંસ્કૃત નામ છે. પણ ટિબેટન લોકો સંસ્કૃત **व** ની જગ્યાએ પ્રાયઃ સર્વત્ર **ब** નો ઉપયોગ કરતા હોવાથી **થોમસે** વ્યાકરણદૃષ્ટયા શુદ્ધ કરીને **हस्तवालप्रकरणवृत्ति** નામ રાખ્યું છે. આ નામનું ટિબેટન ભાષાંતર **रब्-तु ब्येद्-प लग् छद् किय ऽग्रेल्-प्** એવું મળે છે. તેનો અર્થ **હાથ જેવડા પ્રકરણની** વૃત્તિ એવો થાય છે. કોઈક પ્રતિઓમાં **हस्ताभावप्रकरण** એવું નામ પણ આપેલું છે. અસ્તુ. એ ગમે તે હો. આની પ્રથમ કારિકાનું સંસ્કૃત રૂપાંતર **થોમસે** આ જાતનું કરેલું છેઃ

**रज्जौ सर्पमनस्कारो रज्जुं दृष्ट्वा निरर्थकः।**
**तदंशान् वीक्ष्य तत्रापि भ्रान्ता बुद्धिरहाविव ॥**

આનું ઇંગ્લીશ ભાષાંતર પણ સાથે સાથે આ જાતનું આપેલું છેઃ—

Conception of the snake in regard to rope,
When the rope is seen is without reality.
When we see its parts in regard to its also,
The Cognition is illusory like the snake.

**હસ્તવાલપ્રકરણની** કોપી કરતાં ઉપર મુજબની કારિકા મેં લખી રાખેલી હતી એટલે એના સંસ્કાર તાજા હતા જ. તેવામાં **નયચક્રવૃત્તિના** પ્રથમ અરનું વાંચન કરતાં નીચે મુજબ પાઠ મારા જોવામાં આવ્યોઃ—

**यथोक्तविधिना संवृत्तिसदेव सर्वमपीत्यत्रापि ज्ञापको दाहरणं तत्संवाद्यभिहितम् <u>रज्ज्वां सर्प इति ज्ञानं</u> तावदेव रज्ज्वां सर्प इति विपर्ययज्ञानं भवति यावदस्पन्दादिविशेषलिङ्गादर्शनम्। विशेषतस्तु तदवधारण<u>दृष्टौ</u> प्राक्तनं सर्पदर्शनं जायतेऽ<u>नर्थकम्</u>। साऽपि <u>रज्जुबुद्धिस्तदवयवे दृष्टौ</u> सत्यां यथा सर्प इति ज्ञानमनर्थकं तथाऽनर्थिका, तत आह-<u>तदंशदृष्टौ तत्रापि सर्पवद् रज्जुविभ्रम</u> इति। एवमनया कल्पनया सर्वपिण्डज्ञानानां संवृतिसद्विषयतैवेति। [ नयचक्रवृत्ति B 66 A ]**

અહીં ટીકામાં પ્રયોજેલ **ज्ञापकोदाहरणं** શબ્દથી આ. શ્રી **મલ્લવાદીએ** બીજા ગ્રંથમાંથી કોઈ પાઠ ઉદ્ધૃત કર્યો છે અને તેના ઉપર **ટીકાકાર** ટીકા લખી રહ્યા છે, એ સ્પષ્ટ **સમજી** શકાય છે. આથી મને તરત જ **હસ્તવાલપ્રકરણ**ની પ્રથમ કારિકા યાદ આવી. ટીકાન્તર્ગત પ્રતીકની સાથે એ કારિકા મેળવતાં મને લાગ્યું કે અહીં ભગવાન્ **મલ્લવાદીએ હસ્તવાલપ્રકરણમાંની** જ ૧ લી કારિકા ઉદ્ધૃત કરી છે. **નયચક્રના** આધારે એમ કહી શકાય કે **હસ્તવાલપ્રકરણની પ્રથમ સંસ્કૃત** કારિકાનું સાચું સ્વરૂપ આ જાતનું હશે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**रज्ज्वां सर्प इति ज्ञानं रज्जुदृष्टावनर्थकम् ।**
**तदंशदृष्टौ तत्रापि सर्पवद्रज्जुविभ्रमः ॥ १ ॥**

**થોમસે** કરેલુ સંસ્કૃત તથા ઇંગ્લીશ ભાષાંતર આની સાથે બરાબર અર્થથી મળી રહે છે. ઉપર **નયચક્રવૃત્તિ**માં જે **तदंशदृष्टौ** પાઠ છે ત્યાં અમારી બધી પ્રતિઓમાં તો **तदृष्टौ** જ પાઠ હતો. મેં **હસ્તવાલપ્રકરણ**ને આધારે જ સુધારીને ત્યાં **तदंशदृष्टौ** કર્યું હતું અને એમ કરીને શ્લોકના ત્રીજા ચરણમાં ખૂટતો એક અક્ષર ઉમેર્યો હતો અને અર્થ બરાબર સંગત કર્યો હતો. મને જણાવતાં ઘણો આનંદ થાય છે કે ત્યારપછી અમને મળી આવેલી ઉપર વર્ણવેલી $B$ પ્રતિમાંથી **तदंशदृष्टौ** જ પાઠ નીકળ્યો છે. એટલે મારી ધારણા બીલકુલ સાચી જ નીવડી છે.

આ પછી મેં **પી. એલ. વૈદ્ય**ને તથા બીજાઓને જ્યારે મેં યોજેલી **रज्ज्वां सर्प इति ज्ञानं...॥** કારિકા બતાવી ત્યારે તેમણે પણ માન્ય કરી છે. પરંતુ તે વખતે મને ટિબેટન ભાષાનું જ્ઞાન ન્હોતું, પણ આ વર્ષે તો **નયચક્ર** માટે મેં ટિબેટન ભાષાનો પણ ખાસ અભ્યાસ કર્યો છે એટલે ટિબેટન ભાષાંતર જોવાની મારી ઇચ્છા થઈ. પણ એ જર્નલ બીજે કોઇ સ્થળેથી મળવાની આશા ઘણી જ ઓછી હતી. એટલે મેં **પં. લાલચંદભાઇ ગાંધીને** વડોદરા, ગાયકવાડ સ્ટેટની લાયબ્રેરીમાંથી એ પુસ્તક મેળવીને મોકલવા માટે લખ્યું. તેમણે મારા અભ્યાસમાં અતિઉપયોગી ઘણાં ઘણાં દુર્લભ પુસ્તકો રાજ્યની લાયબ્રેરીમાંથી મેળવીને આજસુધી પૂરાં પાડ્યાં છે. આ જર્નલ રેફરન્સનું હોવાથી બહાર ઇસ્યુ કરવાની સખ્ત મનાઇ હોવા છતાં પણ ઘણી લાગવગ વાપરીને મારા ઉપર તેમણે હમણાં જ મોકલી આપ્યું હતું. આમાં ટિબેટન ભાષાંતરમાં પ્રથમ કારિકા નીચે મુજબ છે. (ટિબેટન ટાઇપો બીલકુલ જુદા પ્રકારના હોય છે. એટલે હું એ ભાષાને દેવનાગરી લિપિમાં લિપ્યંતર કરીને રજૂ કરું છું.

**थग्-प-ल नि स्बुल् स्ब्रम् ऽझिन् । थग्-प मृथोङ्-न दोन् मेद् दो ।**
**दे-यि छ-मृथोङ् दे-ल यङ् । स्बुल् बशिन् शेस्-प-ऽखुल् ब यिन् ॥ १ ॥**

આનો તથા આના ઉપરની ટિબેટન ટીકાનો અર્થ (શબ્દાર્થ તથા ભાવાર્થ) વિચારતાં **रज्ज्वां सर्प इति ज्ञानं रज्जुदृष्टावनर्थकम् । तदंशदृष्टौ तत्रापि सर्पवद्रज्जुविभ्रमः ॥** આ જાતની મૂલ સંસ્કૃત કારિકા અહીં હશે એમ જરૂર લાગે છે. આ કારિકા જ **નયચક્ર**માં ભગવાન **મલ્લવાદી**એ મૂલમાં ઉદ્ધૃત કરી જણાય છે અને તેના ઉપર ટીકાકાર શ્રી **સિંહસૂરિ**ગણિવાદિ ક્ષમાશ્રમણે ટીકા કરી છે. મૂલ તૈયાર થયા પછી ટીકાનો આશય અને ચર્ચા સમજવાં તદ્દન સહેલાં છે.

વિદ્વાન્ વાચકો ઉપરના લેખથી જોઇ શકશે કે **નયચક્ર**નું મૂલ કેવી રીતે-કેવી પદ્ધતિથી તૈયાર થઇ રહ્યું છે અને તેમાં કેવાં કેવાં અપ્રસિદ્ધ અને દુર્લભ સાધનોનો ઉપયોગ કરાઇ રહ્યો છે. આ વિષે વિસ્તારથી તો કોઇ બીજા પ્રસંગે જણાવીશ. હમણાં તો માત્ર સંક્ષેપમાં દિગ્દર્શન જ કરાવ્યું છે.

અમારા **નયચક્ર**નો પ્રથમ ભાગ ઘણા વખતથી તૈયાર હોવા છતાં ન છપાવવાનું આ જ કારણ હતું. **નયચક્ર**ના પ્રથમ અરનો એક તૃતીયાંશ ભાગ બૌદ્ધ ચર્ચાથી જ ભરેલો છે. જે ગ્રંથને અનુલક્ષીને આ ચર્ચ છે તે ગ્રંથ **પ્રમાણસમુચ્ચય** ચાઇનીઝ અને ટિબેટન(-ભોટ) ભાષામાં જ મળે છે. એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટિબેટન ગ્રંથ મેળવતાં મેળવતાં અમને નાકે દમ આવી ગયો છે. ભોટ (ટિબેટન) ભાષા ભણુવાનું કાર્ય પણુ અત્યંત કઠિણુ હતું. સામગ્રી જ મળતી ન હતી, છતાં મને જણાવતાં આનંદ થાય છે કે–પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી એ ભાષાનો અભ્યાસ પણુ આ વર્ષે મેં કર્યો છે તેમજ ટિબેટન ગ્રંથ પણુ જરૂરી મળી ગયો છે. જે થોડો મળવાનો બાકી છે તે પણુ સત્વર મળી જશે એવી સંભાવના છે. બ્રિટિશ ગવર્મેન્ટના તાબાની લંડનની ઇંડીઆ ઓફિસે પણુ અમને એના ફોટા લઈ આપવાની તૈયારી બતાવી છે. બ્રિટીશ સરકાર પાસે ત્યાંની લાયબ્રેરીમાં ભિન્ન ભિન્ન ભાષાના લાખો ગ્રંથો છે. એટલે ટિબેટન ગ્રંથ મેળવવાનું કાર્ય પણુ સરળ થયું છે. આ વિષે વિસ્તારથી ભવિષ્યમાં કોઇવાર લખીશ.

વિદ્વાન્ વાચકો એ જાણીને ખુશી થશે કે–આ ગ્રંથ માત્ર આપણુને જૈનોને જ નહીં, પરંતુ જૈનેતર દાર્શનિકોને પણુ અતિ ઉપયોગી છે. જેઓ ટિબેટન ઉપરથી સંસ્કૃત **પ્રમાણુસમુચ્ચય**ના પુનર્નિર્માણુનું કાર્ય કરી રહ્યા છે તેમને તો આમાંથી એટલી બધી સામગ્રી મળી છે કે તેમનો અનેકાનેક વર્ષોનો પરિશ્રમ બચી ગયો છે. અને મુક્તકંઠે આ ગ્રંથની પ્રશંસા કરી રહ્યા છે. મારા ઉપર પ્રોફેસર, પ્રિન્સિપાલ, રિસર્ચઇન્સ્ટીટયુટના સુપ્રિન્ટેન્ડન્ટ વિગેરેના પત્રો આવે છે તેમાં આ ગ્રંથ ક્યારે છપાશે એ જોવાની તેઓ તીવ્ર ઉત્સુકતા બતાવી રહ્યા છે. અમે પણ આ ગ્રંથ જલ્દી પ્રકાશિત થાય તેમ પ્રયત્ન કરી રહ્યા છીએ. અને આશા રાખીએ છીએ કે પરમાત્માની કૃપાથી આ ગ્રંથ જલ્દી પ્રસિદ્ધ થશે કેમકે નિર્ણયસાગર પ્રેસમાં આનું મુદ્રણુકામ શરૂ થઈ ગયું છે.

| | |
|---|---|
| सं० २००७ आषाढ कृष्ण सप्तमी<br>मुः—**मालेगांव**<br>(जिल्ला—नाशिक) | **मुनिराजश्री भुवनविजयान्तेवासी**<br>**मुनि जम्बूविजय** |

## અમારા સાહિત્ય પ્રકાશન માટે અભિપ્રાય.

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ** પૂના કેમ્પથી તા. ૨૮–૯–૫૦ નાં પત્રમાં પોતાનો અભિપ્રાય દર્શાવે છે કેઃ—

**સુશ્રાવક વલ્લભદાસ આદિ સભાસદો યોગ્ય—**

ધર્મલાભ સહ લખવાનું કે અત્ર સુખશાતા છે. તમારો પત્ર તથા **શ્રી દમયંતી ચરિત્ર આદિ ત્રણુ પુસ્તકો મળ્યાં.** ખરેખર પ્રકાશનો સરસ અને સુંદર થયાં છે. આજે ગુજરાતી આદિ ભાષામાં જૈન સાહિત્યના પ્રાણવાન ગ્રન્થરત્નોના સુંદર અનુવાદોની અતીવ જરૂરીયાત છે. જૈનોને અને જૈનેતરોને પણુ જૈન ધર્મના મુખ્ય સિદ્ધાન્તોની વિસ્તૃત અને સરળ માહિતી આપવા માટે યોગ્ય ગ્રન્થોના પ્રકાશનની પણુ ખૂબ જ આવશ્યકતા છે. સસ્તું સાહિત્યની યોજનાદ્વારા તમે એ કાર્ય પણુ કરી રહ્યા છો એ આનંદનો વિષય છે.

**પૂજ્ય સ્વર્ગગત ગુરુદેવના પુણ્ય નામ સાથે સંકળાયેલી આ સભા ગુરુદેવના જીવનના એક અનન્ય કાર્ય–જૈન ધર્મના પ્રચારને આ રીતિએ આગળ વધારી સૌ કોઈના અભિનન્દનની અધિકારિણી બને છે.** આજ રીતિએ હજી પણુ વધુ ને વધુ સાહિત્ય પ્રચાર કરે એવી અંતરની અભિલાષા છે.

લી.

**આજ્ઞાથી ભાસ્કરવિજયના ધર્મલાભ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# અષ્ટમ શ્રી અનંતવીર્ય જિન સ્તવન

## સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડાક્ટર વલ્લભદાસ નેણસીભાઇ મોરબી. )

અનંત વીરજ જિનરાજનો,
શુચિ વીરજ પરમ અનંત રે;
નિજ આતમભાવે પરિણમ્યો,
ગુણ વૃત્તિ વર્તનાવંત રે.
મન મોહ્યું મ્હારુ પ્રભુ ગુણે. ( ૧ )

**સ્પષ્ટાર્થ**—સામાન્ય કેવલીઓમાં રાજા સમાન **શ્રી** અનંતવીર્ય ભગવંત, આપનું "વીર્ય" જ્ઞાન દર્શનાદિ સર્વે ગુણોને વર્તવામાં આધારભૂત આત્મવીર્ય તે "શુચિ" પરપરિણામિકતાથી સર્વથા રહિત, અત્યંત નિર્મલ તથા 'પરમ' જગતવાસી કોઈપણ જીવોમાં એવું આત્મવીર્ય નથી, તેથી સર્વોત્કૃષ્ટ તથા "અનંત" જ્ઞાનાદિ અનંત ગુણોમાંથી કોઈ પણ ગુણને વર્તવામાં જરાપણ સ્ખલના (વ્યાઘાત) ન પામે તથા કોઈપણ કાલે હીણ-ક્ષીણ ન થાય તેથી અનંત છે.

એવું **શ્રી** અનંતવીર્ય ભગવંતનું પરમ પવિત્ર પરમોત્કૃષ્ટ અનંત આત્મવીર્ય તે ફક્ત જ્ઞાન-દર્શનાદિ પોતાનાજ અનંત ગુણને પરિણમવામાં નિઃપ્રયાસપણે સહાયરૂપ સદા પરિણમે છે, એમ શ્રી જિનેશ્વરના, પરભાવરૂપ મલિનતાથી સર્વથા રહિત પરમ પવિત્ર જ્ઞાનાદિ અનંત ગુણ જોઇ તેમાં મારું મન મોહ્યું-રત થયું-લીન થયું-ગુણરાગી થયું. ( ૧ )

યદ્યપિ જીવ સહુ સદા,
વીર્ય ગુણ સત્તાવંત રે;
પણ કર્મે આવૃત ચલ તથા,
બાલ-બાધક ભાવ લહંતરે. મન૦ ( ૨ )

**સ્પષ્ટાર્થ**:—વીર્ય એ જીવનો મૂલ ગુણ છે, તેથી સર્વે જીવો ત્રણે કાલે વીર્યગુણની સત્તા સહિત છે એટલે કોઇપણ જીવ કોઈ પણ કાળ વીર્ય વગરનો નથી તથાપિ સંસારી જીવોનું વીર્ય અનાદિથી કર્મ-પટલવડે આવૃત્ત હોવાથી આત્મગુણો સંપૂર્ણ શુદ્ધ કેવલજ્ઞાન, કેવલદર્શન, યથાખ્યાત ચારિત્રાદિરૂપ પરિણમિ શકતા નથી અને તેથી પોતાની અનંત અવ્યાબાધ આત્મીય સહજ સમાધિથી વિયોગી રહે છે તથા "ચલ" અર્થાત્ જ્ઞાનાદિ આત્મપરિણતિમાં નિશ્ચલ-સ્થિર નહિ રહેતાં રાગ-દ્વેષવશે અનેક પુદ્ગલ-પરપરિણતિમાં ચલાયમાન થઇ રહ્યું છે, પરકાર્યમાં રોકાઈ રહ્યું છે જેમ કોઈ પુરુષ પરકાર્યમાં પોતાની શક્તિ રોકે તો તે સ્વકાર્ય સાધી શકે નહિ, તેમજ તે વીર્ય "બાલ" હિતાહિતના જ્ઞાનથી રહિત હોવાથી "બાધક" અર્થાત્ પોતાને અહિતકારીપણે પરિણમે છે કારણ કે બાલ બાધક વીર્યવડે જગત જીવો અજ્ઞાન મિથ્યાત્વ કષાયરૂપ પરિણમી, અનેક પ્રકારના કર્મો બાંધી, પોતાને અત્યંત અહિતકારી-દુખસમૂહરૂપ ભવોપાધિ વહોરી લે છે, પણ જો પોતાની વીર્ય ગુણને માત્ર સમ્યગ્ જ્ઞાનાદિ આત્મ પરિણામમાંજ વાપરે તો અનંત સુખના સ્વામી થાય. ( ૨ )

અલ્પ વીર્ય ક્ષયોપશમ અછે,
અવિભાગ વર્ગરૂપ રે;
ષડ્ ગુણ એમ અસંખ્યથી,
થાયે યોગસ્થાન સ્વરૂપ રે. મન૦ ( ૩ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુહમ નિગોદી જીવથી,
જાવ સન્નીવર પજ્જત રે;
યોગના ઠાણ અસંખ્ય છે,
તરતમ મોહે પરાયત્ત રે. મન૦ (૪)

સ્પષ્ટાર્થ.—સર્વે છદ્મસ્થ જીવોનું આત્મવીર્ય ક્ષયોપશમ ભાવે સદા હોય પણ સર્વથા આવૃત થાય નહીં. જો સર્વથા આવૃત હોય તો ચેતનતાનો સમૂલ અભાવ થાય, તેથી છદ્મસ્થ જીવોને પણ વીર્યાંતરાયનો સદા ક્ષયોપશમ હોય તે વીર્યાંતરાયની ક્ષયોપશમવડે છદ્મસ્થ જીવોને અલ્પવીર્યના પ્રગટતા હોય છે ને તે અલ્પવીર્યની પ્રગટતાના કારણથી રત્નત્રયની મલિનતાને યોગે પોતાના કર્તૃત્વ સ્વભાવને લીધે કર્મ(ક્રિયા)રંગે આત્મપ્રદેશ ચલાયમાન કરે છે. એટલે "આત્મપ્રદેશપરિસ્પંદો યોગઃ" એ સૂત્ર પ્રમાણે યોગી બને છે. કહ્યું છે કે છે—" છઉમથ્થ વીરજ લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે સૂક્ષ્મ-સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે." એમ યોગવશે કર્મનો ગ્રાહક થાય છે, તે યોગનું સ્વરૂપ નીચે પ્રમાણે-વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમવડે ઉત્પન્ન મન, વચન અને કાય વર્ગણાનું અવલંબન કરનાર કર્મ ગ્રહણ કરવામાં કારણભૂત આત્મપ્રદેશનું પરિસ્પંદન (સંચલન) તે યોગ છે. ત્યાં જઘન્ય વીર્યવાલો, જે જીવપ્રદેશ તે વળી કેવળીના તીક્ષ્ણ બુદ્ધિરૂપ શસ્ત્રે કરી છેદતાં જે વીર્યાંશનો બીજો વિભાગ થઇ શકે નહિ તે વીર્ય વિભાગ છે. અને ભાવાણુ પણ તેનેજ કહીએ તેવા લોકાકાશથી અસંખ્યાતગુણા જે વીર્યાણુ તેણે કરી સહિત જે જીવપ્રદેશ તેનો સમુદાય એટલે જીવપ્રદેશની શ્રેણી તે પ્રથમ વર્ગણા, તેથી એક વીર્ય વિભાગે અધિક એવી જે જીવપ્રદેશની શ્રેણી તે બીજી વર્ગણા, બે વીર્યવિભાગે અધિક એવી જે જીવપ્રદેશની શ્રેણી તે ત્રીજી વર્ગણા-એમ એકેક વીર્ય વિભાગે અધિક વીર્યવાલા પ્રદેશની શ્રેણીને ઘનીકૃત લોકની એક પ્રદેશિકા સૂચી શ્રેણીને અસંખ્યાતમે ભાગે જેટલા આકાશપ્રદેશ હોય તેટલી વર્ગણાએ એક સ્પર્ધક થાય. તે પ્રથમ સ્પર્ધકની ઉત્કૃષ્ટ વીર્યાંશ વર્ગણાથી એટલે છેલ્લી વર્ગણાથી એક, બે અથવા સંખ્યાતે વીર્ય વિભાગે અધિકા કોઇ જીવપ્રદેશ નથી પરંતુ અસંખ્ય લોકાકાશ પ્રમાણ વીર્યાંશે અધિક જીવપ્રદેશની શ્રેણી તે બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા જાણવી. વલી તેથી એકેકે વીર્ય વિભાગે વધતા વધતા જીવપ્રદેશની વર્ગણાએ કરી બીજો સ્પર્ધક થાય. તેથી વલી અસંખ્ય લોકાકાશ પ્રદેશ ભાગ પ્રમાણ વીર્યાંશે અધિક વીર્યવંત જીવપ્રદેશની શ્રેણી તે ત્રીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા, એની પેરે શ્રેણી પ્રદેશ અસંખ્યેય ભાગ પ્રમાણ સ્પર્ધકે પહેલું જઘન્ય યોગ સ્થાનક થાય, તેથી અંગુલના અસંખ્યાતમાં ભાગના આકાશપ્રદેશ પ્રમાણ સ્પર્ધકે વધતું બીજું યોગસ્થાનક થાય. તેથી વળી તેટલે જ સ્પર્ધકે વધતું ત્રીજું યોગસ્થાનક હોય એમ અસંખ્યાતા યોગસ્થાન થાય. વીર્યાંતરના ક્ષયોપશમના અસંખ્ય ભેદ છે, તેથી ઉપર પ્રમાણે યોગના પણ અસંખ્યાતા ભેદ થાય અર્થાત્ સૂક્ષ્મ નિગોદીયા લબ્ધિ અપર્યાપ્તા જીવને ભવ પ્રથમ સમયે સહુથી જઘન્ય યોગ હોય છે અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મનુષ્ય સૌથી ઉત્કૃષ્ટ યોગ પામી શકે છે. એમ મોહની તરતમતા દશે સૂક્ષ્મ નિગોદીયા લબ્ધિ અપર્યાપ્તા જીવના ભવ પ્રથમ સમયથી માંડી સંજ્ઞી પંચેંદ્રિય મનુષ્ય સુધી અસંખ્યાત યોગ સ્થાન જાણવા. ॥ ૩-૪ ॥

સંયમને યોગે વીર્ય તે,
તુમ્હે કીધો પંડિત દક્ષ રે;
સાધ્ય રસી સાધકપણે,
અભિસંધિ રમ્યો નિજ લક્ષ રે. મન૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સ્પષ્ટાર્થ**—જ્યાં સુધી સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થઇ નથી, ત્યાં સુધી સંસારી જીવ મિથ્યાત્વ-અજ્ઞાનવશે પૈદ્‌ગલીક કાર્યને પોતાનું કાર્ય માની વીર્યાંતરાયનાં ક્ષયોપશમવડે પ્રાપ્ત થયેલા આત્મવીર્યને અસંયમમાં અર્થાત્ સ્વપર જીવની દ્રવ્ય ભાવહિંસામાં વાપરે છે, પોતાના વીર્યને બાલ-બાધકભાવે પરિણમાવે છે, પોતાના વીર્યવડે કર્મબંધ કરી ભવભ્રમણની ઉપાધિ પ્રાપ્ત કરે છે; પણ હે ભગવંત! આપે સમ્યગ્દર્શન સમ્યગ્‌જ્ઞાનવડે પોતાનું શુદ્ધોપયોગરૂપ કાર્ય જાણી, બાલ-બાધક ભાવનો પરિહાર કરી, ક્ષયોપશમવડે પ્રાપ્ત થયેલા વીર્યને સંયમ કાર્યમાં જોડયું અર્થાત જ્ઞાન-દર્શન-ચારિત્રને નિર્મલપણે પરિણમવામાં સહાયકારી કર્યું. મન, વચન તથા કાય યોગને સંયમ કાર્યમાં જોડયો એમ આત્મવીર્યને પંડિત ભાવે તથા હિતકારી ભાવે પરિણમાવ્યું. સચ્ચિદાનંદમય શુદ્ધાત્મ દ્રવ્યને પોતાનું શુદ્ધ સાધ્ય જાણી તેના રસીયા-તે સાધવાના ઉમંગી થઇ અભિસંધિજ વીર્યને નિજ લક્ષમાં તેમજ અનંત સુખ પિંડ જે શુદ્ધાત્મપદ તે સાધવામાં રખાવ્યું-વાપર્યું. એમ અભિસંધિજ વીર્યને શુદ્ધકારક પ્રવૃત્તિમાં જોડી અબંધકભાવે પરિણમાવ્યું. ( ૫ )

અભિસંધિ અબંધક જાપને,
અનભિસંધિ અબંધક થાય રે;
સ્થિર એક તત્ત્વતા વર્તતો,
તે ક્ષાયિક ભાવ સમાય રે. મન૦ ૬

**સ્પષ્ટાર્થ**:—એમ હે ભગવંત! આપનું અભિસંધિજ વીર્ય અબંધક ભાવે વર્તવાથી, અનભિસંધિજ વીર્ય પણ અબંધક ભાવે પરિણમ્યું. ( મન ચિંતનાપૂર્વક આહાર વિહારાદિક જે કરણ વ્યાપાર તે અભિસંધિજ વીર્ય અને જે મન-ચિંતના વિના કેવલ વચન અને કાયાનો વ્યાપાર તે અનભિસંધિજ વીર્ય કહીએ) માટે જેની મનોવૃતિ-અંતરંગ ઉપયોગ અબંધક-ભાવમાં વર્તે છે તેની વચન અને કાયાની ક્રિયા પણ અબંધક ભાવમાં જ ગણાય-સંવર હેતુ જ ગણાય, એમ દ્રવ્ય-સંવર તથા ભાવ-સંવરના સ્વામી થઇને કર્મબંધનો પરિણામ કહી આત્મવીર્યને નિર્મલ રત્નત્રયમાં સહાયભૂત કરી પોતાના નિર્મલ એક પરમાત્મ તત્વમાં સ્થિર તલ્લીનપણે વર્તતાં "ક્ષાયિક ભાવ સમાય રે" શુદ્ધાત્મ પરિણતિનો વ્યાઘાત કરનાર ઘાતીયા કર્મનો સમૂલ ક્ષય કરી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્યરૂપ પોતાની અનુપમ અવિનશ્વર કેવળ લક્ષ્મીને વર્યા તેરમા ગુણસ્થાને બિરાજમાન થયા.

ચક્ર ભ્રમણ ન્યાય સયોગતા,
તજી ક્રોધ અયોગી ધામ રે;
અકરણ વીર્ય અનંતતા,
નિજ ગુણ સહકાર અકામરે. મન૦ ૭

**સ્પષ્ટાર્થ**:—પછી ચક્રભ્રમણ ન્યાયે અર્થાત્ ચક્રને ફેરવવા માટે કુંભાર ચક્રમાં દંડ ઘાલી બહુ જોરથી એકદમ ચક્રને ફેરવે છે તેથી તે બળના વેગવડે દંડ કાઢી લીધા પછી પણ કેટલીકવાર સુધી ચક્ર ફર્યા કરે છે તેમ અનાદિ કાલથી આત્મા અજ્ઞાનવશે પરકાર્યને પોતાનું કાર્ય માની મમત્વ સહિત યોગક્રિયામાં પ્રવૃત્તિ કરે છે તેથી કેવલજ્ઞાન થયે પણ દંડ કાઢી લીધા પછી ચક્ર એમ ફર્યા કરે છે તેમ તેરમા ગુણસ્થાને પૂર્વે ઉદયવડે નિર્મમત્વપણે યોગક્રિયા થાય છે તેથી તેરમા ગુણસ્થાને પણ સયોગીપણું છે તે ચક્રભ્રમણ ન્યાયે રહેલી સયોગતા એટલે સયોગીપણાનો પણ હે ભગવંત! આપ ત્યાગ કરી "કીધ અયોગી ધામ રે" અયોગી ગુણસ્થાને પધાર્યા. કરણ વીર્ય એટલે ઇંદ્રિયજન્ય બલવીર્યનો ત્યાગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતીન્દ્રિય અનંત આત્મિક વીર્યની પ્રગતિ કરી જે વીર્ય માત્ર જ્ઞાનાદિ ગુણ વર્તનમાં જ સહાયકારી થાય પણ અન્ય દ્રવ્યની કામનામાં કદાપિ કાલે ચલાયમાન થાય નહિ તેથી હે ભગવંત ! આપ અકરણ વીર્યના પ્રભાવવડે અનંતકાલ સુધી અકામ તથા સ્વાનુભૂતિજન્ય પરમાનંદમાં નિરંતર વિલાસ કરશો ॥ ૭ ॥

શુદ્ધ અચલ નિજ વીર્યની,
નૈરુપાધિક શક્તિ અનંત રે;
તે પ્રગટી મેં જાણી સહી,
તેણે તુમહીજ દેવ મહંત રે. મન૦ ૮

**સ્પષ્ટાર્થઃ**—સર્વ વિભાવરૂપ સંશ્લેષ રહિત જે આત્મવીર્ય તે શુદ્ધ છે, તથા તેજ વીર્ય કામના રહિત માત્ર પોતાના સ્વગુણપર્યાયમાં ચલાયમાન થતું નથી, તેથી અચલ છે, એવા શુદ્ધ અને અચલ વીર્યની નૈરુપાધિક અર્થાત્ સ્વાભાવિક અનંત શક્તિ છે અર્થાત્ જે વીર્યવડે અનંત જ્ઞાન, અનંતદર્શન, વિગેરેની વર્તના થાય છે માટે જ્યાં સુધી, વીર્યગુણમાં અશુદ્ધપણું તથા ચલપણું છે ત્યાં સુધી અલ્પબળ છે, અનંતજ્ઞાન, દર્શનરૂપ અનંત શક્તિ હોઇ શકે નહિ. પણ હે ભગવંત ! તે શુદ્ધ, અને અચલવીર્યની સ્વાભાવિક અનંત શક્તિ આપમાં પ્રગટપણે છે, એમ મેં નિઃસંદેહ જાણ્યું; કારણકે એક સમયમાં સર્વ પદાર્થના ત્રિકાલિક પર્યાયને પ્રગટપણે જાણો-દેખો છો, તેથી હે ભગવંત ! આપજ દેવ ઇંદ્રાદિકને પૂજવા લાયક દેવાધિદેવ છો, અનંત કેવલ લક્ષ્મીવડે સદા દેદીપ્યમાન છો. ( ૮ )

તુજ જ્ઞાને ચેતના અનુગમી,
મુજ વીર્ય સ્વરૂપ સમાય રે;
પંડિત ક્ષાયકતા પામશે,
એ પૂરણ સિદ્ધિ ઉપાય રે. મન૦ ૯

**સ્પષ્ટાર્થ** —હે ભગવંત ! તમારા નિરંતર શુદ્ધ પરિણમતા કેવલજ્ઞાનાદિ ગુણોને મારી ચેતના અનુગમો અર્થાત મારો ચૈતન્ય ઉપયોગ તદનુયાયી વર્તે, કેવલજ્ઞાન, કેવલ દર્શન રૂપ પરિણમવાનો રસીયો થાય તો મારું આત્મવીર્ય "સ્વરૂપ સમાય રે" રાગ દ્વેષાદિ સર્વ વિભાવિક કાર્યમાં ઉત્સુક તથા સ્ફુરાયમાન થતું અટકી કેવલ આત્મગુણને જ સ્હાયભૂતપણે વર્તે એમ મારું વીર્ય પંડિત ભાવે અબંધકપણે વર્તતાં ક્ષાયિક લબ્ધિને પ્રાપ્ત કરશે એ જ પૂર્ણપદે સિદ્ધ થવાનો સાચો ઉપાય છે. ( ૯ )

નાયક તારક તું ધણી,
સેવનથી આતમ સિદ્ધિ રે;
**દેવચંદ્ર** પદ સંપજે,
વર પરમાનંદ સમૃદ્ધિ રે. મન૦ ૧૦

**સ્પષ્ટાર્થઃ**—હે અનંતવીર્યપ્રભુ ! આ જગત્ત્રયમાં સર્વેથી ઉત્કૃષ્ટ અનંતવીર્ય આપનું હોવાથી આપજ નાયક છો-વળી ભવસમુદ્રમાં ડુબતા ભવ્ય પ્રાણીઓને આપે નિર્માણ કરેલા ચરણ જહાજે બેસાડી ભવસમુદ્રમાંથી તારવાને આપજ સમર્થ હોવાથી તારક છો, વળી મોહાદિ શત્રુઓથી રક્ષા કરવામાં આપજ સમર્થ હોવાથી ધણી છો, તેથી હે ભગવંત ! આપનેજ સેવવાથી મારી સિદ્ધિ થશે તથા દેવમાં ચંદ્રમા સમાન અરિહંત પદની પ્રાપ્તિ થશે તથા પરમાનંદરૂપ ઉત્તમ સમૃદ્ધિની સંપ્રાપ્તિ થશે. ( ૧૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# [1][2]તુંહી દુઃખમાં રે દિલાસો.

( ભાવે બનું ભરવાડી હવે હું તો—એ રાગ )

તુંહી દુઃખમાં રે દિલાસો
પ્રભુ મારા ! તુંહી દુઃખમાં રે દિલાસો-તુંહી.
Midst troubles my solace thou,
Dear Lord oh ! midst troubles my. Solace thou...midst.
ઘેરા, ઘોર અંધારા વ્યાપ્યાં,
તબ તુંહી ભાનુ પ્રકાશ્યો. પ્રભુ મારા-તુંહી.
When dense dark clouds all surround me,
My shining sun art Thou oh ! Dear Lord.
જબ વન વન દાવાનળ સળગ્યા,
તબ તું સરવર કિનારો. પ્રભુ મારા-તુંહી.
When great fire takes hold of woods,
Lake of fugitives Thou oh ! Dear Lord.
ભૂલી પડી જબ નૈયા અમારી,
તબ તું ધ્રુકો તારો. પ્રભુ મારા-તુંહી.
When boat at night loses right way !
Its guide as star Thou oh ! Dear Lord.
દુરજન દુઃખડાં લઇ ધસમસતા,
તબ તુજ ચરણે વાસો. પ્રભુ મારા-તુંહી.
When wicked men rush towards me,
At thy feet my place oh ! Dear Lord.
આંસુ ભરી આંખે "વૈરાટી"
ચાહું દિલાસો તારો. પ્રભુ મારા-તુંહી.
With tears in, eyes "Vairati"
Seeks meekly Thy solace oh ! Dear Lord.

રચયિતા—સ્વ૦ ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી

---

૧ અંગ્રેજી ને ગુજરાતી એક જ રાગમાં ગવાશે.
૨ અંગ્રેજી "મસ્ત"ના સહકારથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શંકા અને સમાધાન.

( ગતાંક પૃ. ૧૪ થી શરૂ )

**સમાધાનકારઃ—જૈનરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

**( પ્રશ્નકારઃ—ભાવનગરવાલા શા. ફત્તેહચંદ ઝવેરભાઈ–મુંબઈ. )**

શં.–માર્ગાનુસારી ગુણવાલો આત્મા સામાયિક, પ્રતિક્રમણની ક્રિયા ન કરતો હોય અને સામાયિક વિગેરે ક્રિયા કરનાર આત્મા માર્ગાનુસારી ગુણો વગરનો હોય તો એમાંથી કયો પ્રગતિમાન ગણાય ?

સ.–સામાયિક આદિ ક્રિયા કરનાર આત્મા સમકિતદૃષ્ટિ હોય અને માર્ગાનુસારી ગુણવાલો આત્મા મિથ્યાત્વી હોય તો સીધી વાત છે કે–સામાયિક આદિ કરનાર વધે પરંતુ સમકિત અને માર્ગાનુસારીપણું એમ ઉભય જેનામાં હોય તો તે આત્મા જીવનની પ્રગતિ કરી શકે છે. પરંતુ આ દેખાતી ઉભય દશાના ઉત્તર–કાલમાં જેના આવરણો ક્ષયોપશમ થતાં અધિક–ગુણ પ્રગટી જાય તો તે પોતાના જીવનની સારી પ્રગતિ કરી શકે છે એટલે ભાવીમાં કોણ જલ્દી માર્ગ કાપી મોક્ષે જઇ શકે તે તેની ભાવિ દશા ઉપર આધાર રાખે છે એટલે ભાવિની પ્રગતિનું જ્ઞાન અતીન્દ્રિય જ્ઞાનીને જ હોઇ શકે.

શં.–કેવલજ્ઞાનીને દ્રવ્યલેશ્યા અને ભાવ-લેશ્યા કઇ રીતે ઘટી શકે ?

સ.–કેવલજ્ઞાનીને પરમશુકલલેશ્યા હોય છે અને લેશ્યાનું કારણ તેઓ સંયોગી છે અને જ્યાં યોગ હોય ત્યાં લેશ્યાનું સ્થાન છે. એઓના યોગો પરમોચ્ચ હોવાથી તેમની લેશ્યા પરમ-શુકલ કહેવાય છે. દ્રવ્યલેશ્યાની કોઈ પણ અસર કેવલીમાં પડી શકતી નથી માટે દ્રવ્યલેશ્યા એમની પરિણતીનો ફેરફાર કરી શકે તેવી હોતી નથી.

શં.–શબ્દવર્ગણાના પુદ્ગલો ચાર સ્પર્શી છે તો રેકર્ડમાં કેમ ઉતરે છે ?

સ.–કોઇ માણસ કૂવા ઉપર ઊભો રહી જોરથી અવાજ કરે અને એ અવાજનો પ્રતિ-ધ્વનિ કૂપમાંથી નીકળે છે પણ ભીંતની પાસે ઊભા રહી અવાજ કરતાં ભીંતમાંથી તાદૃક્ પ્રતિધ્વનિ નીકલતો નથી, જેમ કૂવાના અંદરની પોલ, એવી રીતે ગુફાના અંદરની પોલ જેવા સ્થાનો પણ પુદ્ગલોને પકડી શકે છે તો પછી રેકર્ડ ઉપરના સાયન્ટીક પુદ્ગલોનું યોજન ચઉસ્પર્શી પુદ્ગલોને પકડે તો કંઇ આશ્ચર્ય નથી.

શં.–મનોવર્ગણાના પુદ્ગલો ચઉસ્પર્શી છે તો કૃષ્ણલેશ્યા વિગેરેવડે માનસિક વિચારોના રંગો કાબરચિત્રા બને છે ? અને બનતા હોય તો અષ્ટસ્પર્શી બને છે ?

સ.–કૃષ્ણાદિ લેશ્યાઓમાં જે રંગો હોય છે તેવા રંગો માનસિક વિચારોમાં થાય એવો નિયમ નથી. કૃષ્ણાદિ લેશ્યાઓનું કામ રંગ પેદા કરવાનું નથી પણ પરિણામોમાં નિમિત્ત-રૂપે થવાનું છે. વિચારો એ મનોવર્ગણાનું કાર્ય છે માટે એ અષ્ટસ્પર્શી ન હોય એમ સમજવું.

શં.–'મંગલ આઠ કરી જસ આગલ 'વાળી અષ્ટમીના સ્તુતિની ત્રીજી ગાથામાં ' આઠમે આઠસો આગમ ભાખી ' એનો અર્થ સમજાવશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ.–અહિં ' આઠસો ' શબ્દ છે તે અશુદ્ધ લાગે છે, તે સ્થાને 'અથસુ' શબ્દ હોવો જોઇએ.

શં.–શ્રી શંખેશ્વરજી કે શ્રી કેશરીઆજીની યાત્રા કે દર્શન માટે માનતા રાખનારને લોકોત્તર દેવગત મિથ્યાત્વ ગણાય? શ્રી ચક્રેશ્વરીજી કે શ્રી ઘંટાકરણ દેવના મંત્રો ઐહિક સુખની અભિલાષાથી ગણાય છે તેમાં મિથ્યાત્વ કઈ જાતનું ?

સ.–શ્રી શંખેશ્વરજી કે શ્રી કેશરીઆજીની માનતા રાખે તો લોકોત્તર દેવગત મિથ્યાત્વ જરૂર ગણાય. અને દેવદેવીઓના જાપમાં પોતે એમ માને કે આ કાર્ય સર્વથા અનિચ્છનીય છે પણ હું તેવી ઇચ્છાઓનો ત્યાગ કરી શકતો નથી અને આમ થઈ જાય છે આ મારું હતભાગીપણું છે એમ માનીને તેવા પ્રકારના જાપ કરતો હોય તો મિથ્યાત્વ લાગતું નથી, પરંતુ તેવા સુખોની સાથે એકતાન બની આત્માનું ભાન ભૂલી ગયો હોય તો જરૂર મિથ્યાત્વ લાગે છે કારણ કે આત્મભાન ભૂલવું એનું નામ જ મિથ્યાત્વ છે અને તે દેવગત મિથ્યાત્વ છે.

શં.–બલભદ્ર મુનિવાલા હરણને જાતિસ્મરણ જ્ઞાન હતું ?

સ.–ઉલ્લેખ જોવામાં આવ્યો નથી.

શં.–તિર્યંચોને આયુષ્યબંધનો સમય મનુષ્ય પ્રમાણે છે ?

સ.–સંજ્ઞી તિર્યંચો નિરુપક્રમ આયુષ્યવાલા હોય તો તેના માટે તેવો સંભવ ખરો પણ તે સંખ્યાતા આયુષ્યવાલા તિર્યંચો આશ્રિત સમજવું.

શં.–શ્રી જંબૂસ્વામીજી જન્મ્યા ત્યારે વીરપ્રભુ વિદ્યમાન હતા ?

સ.–હા, કેમકે પ્રભુના નિર્વાણ પછી ૬૪ વર્ષે શ્રી જંબૂસ્વામીજીનું મોક્ષગમન થયું અને તેઓશ્રીનું આયુષ્ય ૮૦ વર્ષનું હતું. આથી સિદ્ધ થાય છે કે–પ્રભુજીના નિર્વાણ પહેલા તેઓશ્રીનો જન્મ હતો. પ્રભુજીના નિર્વાણ વખતે તેઓશ્રીની લગભગ ૧૬ વર્ષની ઉમ્મર હતી.

શં.–સ્ત્રીને ઉપશમશ્રેણિ હોય ? તથા સર્વાર્થસિદ્ધ વિમાને જાય ?

સ.–સ્ત્રીને ઉપશમશ્રેણિ હોય અને સર્વાર્થસિદ્ધ વિમાને પણ જાય.

શં.–ગણધરોને અવધિજ્ઞાન અને મનઃપર્યાય અવશ્ય થાય ? અને થાય તો કયારે ?

સ.–જરૂર થાય અને ગણધરપદ આપ્યા પછી.

શં.–સકૃદ્બંધક, અપુનર્બન્ધક અને શુકલપાક્ષિકની વ્યાખ્યા શું ?

સ.–સકૃદ્બંધક એટલે જે પ્રકૃત્યાદિ બંધ એક જ વાર બંધાય તેને કહેવાય. જે બંધ ફરી ન જ બંધાય તેને અપુનર્બન્ધક કહીએ. જે ક્રિયાવાદી બની મુક્તિનો માનનારો હોય અર્થાત મુક્તિને માટે જે ક્રિયા કરી રહ્યા હોય એવા સંસારથી ઉદાસીન ભાવે વર્તનાર શુકલપક્ષી કહેવાય.

શં.–વંદિત્તા સૂત્રમાં ભોગોપભોગવિરમણવ્રતના અતિચારમાં રાત્રિભોજનનું નામ કેમ નથી ?

સ.–નિષિદ્ધ વસ્તુઓનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ ન હોય ત્યાં ઉપલક્ષણથી તેનો નિષેધ જાણી લેવો. અહિં ઉપલક્ષણથી નિષેધ ઇષ્ટ હોવાથી સાક્ષાત્ નામોલ્લેખ કર્યો નથી.

શં.–માર્ગાનુસારીના પ્રથમ ગુણમાં 'ન્યાયસંપન્ન વિભવ' છે તો હજી બીજા વ્રતના અતિચારો તરીકે પાંચ અલીકો છે એટલે મૃષાવાદવિરમણ વ્રતમાં પણ અનેક ભાંગા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહિત વ્રત છે તેમજ ત્રીજા અદત્તાદાનવિરમણ વ્રતમાં પણ અનેક ભાંગા સહિત વ્રત લેવાય છે તો ન્યાયસંપન્નવિભવની વ્યાખ્યા શી ?

સ.–માર્ગાનુસારી ગુણા સાથે વ્રતોનો સંબંધ શો છે ? કે જેથી નાહકના ગુંચવાડામાં પડો છો ? ન્યાયથી દ્રવ્ય પેદા કરવું, અનીતિને સ્પર્શવા દેવી નહિ, આવી રીતે સાવધાનીથી જે દ્રવ્ય પેદા કરેલું હોય તેને ન્યાયસંપન્નવિભવ કહેવાય.

શં.–નવ નિયાણામાં ચારિત્રનું નિયાણું દ્રવ્ય ચારિત્રનું કે ભાવચારિત્રનું ?

स.–निंवि सिंट्ठि इत्थि पुंरिसे,
परविआरे अ सपविंआरे अ।
अप्परयंसुर दरिद्दे,
सड्ढे हुज्जा नवनियाणा ॥ १ ॥

આ નવ નિયાણામાં ચારિત્રના નિયાણાની વાત જ નથી તેમજ ચારિત્રની પ્રાપ્તિ સુંદરમાં સુંદર છે, એની ઈચ્છાને નિયાણું કહેવું એ પણ ન સમજાય એવો કોયડો છે.

શં.–ચારિત્ર મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ચાલીશ કોટાકોટી સાગરોપમની હોય તો સમકિત પામ્યા પછી તો અર્ધપુદ્ગલપરાવર્તન ઉત્કૃતિ સ્થિતિ હોય તો ચારિત્ર મોહનીયની તેટલી સ્થિતિ કેમ નહિ ?

સ.–આપણે ત્યાં જ્યારે જીવ સમકિત પામે છે ત્યારે આયુ: સિવાયના સાત કર્મોનો એક કોટાકોટી સાગરોપમથી ઓછો સ્થિતિબંધ હોય છે અને પછી તે જીવ તેથી વધારે સ્થિતિબંધ જ્યાંસુધી સંસારમાં રહે ત્યાંસુધી કરતો નથી માટે સમકિતદૃષ્ટિને ઉત્કૃષ્ટ ચાલીસ કોટાકોટી સાગરોપમની સ્થિતિવાળો ચારિત્રમોહનીયનો બંધ હોય નહિ અને અર્ધપુદ્ગલપરાવર્તન કાલ સંસારમાં રહે ત્યાંસુધી એક કોટાકોટી સાગરોપમની સ્થિતિવાલાને મોહનીયકર્મ સમયે સમયે નવું બંધાય છે એટલે ખૂટી જવાનો ભય રાખતા નહિ, કારણ કે એક કર્મની સ્થિતિ પૂરી થયે ત્યાં બીજા કર્મ એની એ જાતના આગલ પાછલના બાંધેલા પોતાનો રસોદય જારી રાખે એટલે ચારિત્રનું આવરણ રહ્યા જ કરે. અર્ધપુદ્ગલપરાવર્તનની અંદર જ્યારે સંયમની પ્રાપ્તિ થવાની હોય તે વખતે વીર્યોલ્લાસથી ચારિત્રાવરણીયનો ક્ષયોપશમ કરી ચારિત્ર મેળવી શકે.

શં.–અજ્ઞાનાવરણીય કર્મ છે ?

સ.–ના, અજ્ઞાન એ આત્માનો ગુણ નથી પણ જ્ઞાન એ આત્માનો ગુણ છે માટે જ્ઞાનાવરણીય કર્મ હોય પણ અજ્ઞાનાવરણીય કર્મ ન હોય.

શં.–પ્રભુપૂજનનો નિયમ કોઇ લ્યે તો દેશવિરતિમાં ગણી શકાય ?

સ.–વિશિષ્ટ દેશવ્રત લીધા સિવાય સામાન્ય નિયમ માત્રથી દેશવિરતિધર ન કહેવાય. જેમ કોઇની પાસે એક રૂપીઓ હોય તો તે ધનાઢ્ય ન કહેવાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલ્યાણનાં સૂત્રો

( ૧ ) 'સર્પ ઝેરી છે, માટે એ ભયંકર છે; એથી ચેતતા રહેજો'—એમ કહેનારને, એટલું કહેજો કે, સાથે આટલું ઉમેરતો જા. માણસ, માનવતા ભૂલે તો એ મીઠો હોવા છતાં વધુ ભયંકર છે, ઝેરી સર્પ તો અજ્ઞાનતાથી કરડે છે, પણ માનવતાવિહોણો મીઠો માણસ તો જાણી-બૂઝીને કરડે છે. માત્ર કરડવાના પ્રકારમાં જ ફેર છે, પરિણામ તો બન્નેનું સરખું જ છે.

( ૨ ) જ્યાં પ્રકાશ છે ત્યાં અન્ધકારને સ્થાન નથી ને જ્યાં અન્ધકાર છે ત્યાં પ્રકાશ ન સંભવે તેમ જ્યાં જ્ઞાન છે ત્યાં વાસનાને સ્થાન નથી ને જ્યાં વાસના છે ત્યાં જ્ઞાન ન સંભવે !

( ૩ ) તરતાં શીખીને જ તારવા જજો નહિતર તમેય ડૂબશો ને સામાને પણ ડૂબાડશો તેમ પોતાની જાતને સુધારીને જ બીજાને સુધારવા જજો, નહિતર તમેય બગડશો ને બીજાનેય બગાડશો.

( ૪ ) લોકમાનસ એવા પ્રકારનું છે કે, એ પારકા દોષો ગણ્યા કરે પણ પોતાનો તો એક પણ દોષ યાદ ન કરે; પણ આપણે આપણું માનસ એવું કેળવવું જોઇએ કે જેથી આપણને આવા પ્રકારની વિચારણા આવેઃ 'મારા આ દોષો બતાવનાર, આ મારો ઉપકારી છે. એણે મારા દોષો ન બતાવ્યા હોત તો હું કેમ સુધરત ?' લોકમાનસ કદાચ આપણે ન સુધારી શકીએ પણ આપણે આપણું માનસ તો સુધારી શકીએ ને !

( ૫ ) ક્રોધના અગ્નિને શાન્ત કરવા સમતાનો ઉપયોગ કરો. માનના પર્વતને ભેદવા નમ્રતાનો સહારો લો. માયાની ઝાડીને કાપવા સરળતાનું સાધન વાપરો. લોભનો ખાડો પૂરવા સંતોષની સલાહ લો.

( ૬ ) તમે જ્યારે દુઃખમાં સપડાઓ ત્યારે આટલો વિચાર કરજોઃ 'એ મને માર્ગદર્શન કરાવવા કેમ નહિ આવ્યું હોય ?' કારણ કે જીવનદ્રષ્ટાઓ કહે છે કે ઠોકરો પણ કો'કવેળા માર્ગદર્શક હોય છે ! દુઃખ એવે સમયે તમને માત્ર આટલી જ નમ્ર શિખામણ આપશેઃ ભાઇ ! આ દુઃખ એટલે તેં કરેલાં કામનો જ પડઘો છે !

( ૭ ) આજના લોક માનસમાં એક ઉગ્ર ભાવના પ્રવર્તે છેઃ કોઇ પણ કાર્યનું ફળ શીઘ્ર મળવું જોઇએ. આ ઉગ્ર ભાવનાને લીધે માણસની નજર ફળ તરફ જાય છે, પણ કાર્યની નક્કરતા વિસરાઇ જાય છે; પરિણામે નક્કર કાર્ય પણ બનતું નથી ને ચિરંજીવ ફળ પણ મળતું નથી.

( ૮ ) એ દિવસ તું કેમ ભૂલી ગયો ? જ્યારે તારું શરીર રોગથી ઘેરાઈ ગયું હતું ને પલંગમાં પડયો-પડયો તું આ રીતે ગણગણતો હતોઃ હે ભગવાન ! મને બચાવ. હું સાજો થઇશ એટલે તારૂં ધ્યાન ધરીશ, પરોપકાર કરીશ, ધર્મની આરાધના કરીશ, સદાચાર ને સદ્‌વિચારમાં જિંદગી વ્યતીત કરીશ અને આજે તું સાજો થયો એટલે એ પ્રાર્થનાને સાવ વિસરી ગયો ? ભલા માનવ ! આના જેવું બેવચનીપણું બીજું કયું હોઇ શકે ? પણ યાદ રાખજે, આ બેવચનપણાથી કુદરતની ક્રૂર મશ્કરી કરનારને, કુદરત પણ ક્રૂર રીતે જ શિક્ષા ફટકારે છે.

( ૯ ) કર્મ બે પ્રકારના હોય છેઃ અધમ ને ઉત્તમ ! ફળની ઇચ્છાથી કરેલું કર્મ અધમ ગણાય અને ફળની આકાંક્ષા-ઇચ્છા રાખ્યા વિના, કર્તવ્યબુદ્ધિથી, કરેલું કર્મ ઉત્તમ ગણાય.

મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સકલ શ્રી સંઘને સૂચના.

આપ દરેકને સુવિદિત છે કે-મુંબઇ સરકારે, ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એક્ટ પસાર કર્યો છે. જેના અમલની મુદ્દત વધારીને તા. ૧૫-૧૦-૫૧ ની ઠરાવેલ છે. બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ (સી પી.) આદિ બીજી પ્રાંતિય સરકારો પણ એક યા બીજી રીતે મુંબઇ સરકારનું અનુકરણ કરી રહેલ છે.

આ કાયદાથી આપણા પવિત્ર સાતે ક્ષેત્રો ધીરે ધીરે શ્રી સંઘની સત્તામાંથી નીકળીને સરકારની સીધી સત્તામાં જાય છે અને આપણા દરેક ધાર્મિક કાર્યોમાં ડખલગીરી થવા સંભવ છે. આપણા સંઘના દરેક ખાતાઓ અને સંસ્થાઓએ, આપણા શાસ્ત્રો અને વિધિવિધાનના અજાણ, અને તેની પરવા વિનાના અમલદારોના, તેમજ પાશ્ચાત્ય સંસ્કૃતિના ધોરણના ન્યાયે ચાલતી આજની કોર્ટોના હુકમને અનુસરવું પડે તેવી પરિસ્થિતિ ઊભી થએલ છે.

આપણે આ કાયદાનો સખ્ત વિરોધ કરેલ છે, અને હજુ પણ આપણો વિરોધ ચાલુ છે, છતાં સત્તા પર રહેલ સરકાર અને આપણા કેટલાક ભાઇઓ એમ દલીલ કરે છે કે અમુક પ્રકારની, ધાર્મિક સંસ્થાઓના વહીવટોમાં જે અવ્યવસ્થા છે, અણવપરાયેલ નાણું પડી રહે છે અને જેનો ઉપયોગ થવો જરૂરી હોય છતાં કેટલાક વહીવટદારો પોતાની સત્તાથી કોઇનું સાંભળતા નહીં હોવાના કારણે ઉપયોગ થતો નથી, તેના અંકુશ માટે આ કાયદો છે.

આ દલીલ પણ ખાસ વજુદવાળી નથી, કારણ કે આપણા જૈન સંઘમાં યોગ્ય નિયમન હોવાથી અને ધર્માદા કરેલ પવિત્ર દ્રવ્યને શાસ્ત્રીય આજ્ઞા વિરુદ્ધ જઇને કાંઇ પણ અવલસવલ કરી શકાય તેમ ન હોવાથી ઘણી પરિસ્થિતિ સારી છે છતાં જે કાંઇ અવ્યવસ્થા-ત્રુટિ દેખાય છે તે આપણા પ્રમાદ અને ઉપેક્ષાનું કારણ છે. એ પ્રમાદ અને ઉપેક્ષા તજીને બધું વ્યવસ્થિત કરવાની જરૂર છે. તેમ થવાથી એ શંકા અને કચવાટ દૂર થશે તેમજ આપણે સરકારને અને તેવા વિચારવાળા આપણા ભાઇઓને આપણા તમામ વહીવટો વ્યવસ્થિત છે એમ બરાબર ખાત્રી કરાવી શકીશું, માટે નીચેની વ્યવસ્થા થવાની જરૂર જણાય છે. અને આ વ્યવસ્થાપૂર્વકનો આપણો વિરોધ પણ પૂરેપૂરો સફલ બનવા પામશે.

## યોજનાની સામાન્ય રૂપરેખા.

(૧) ભારતવર્ષની તમામ ધાર્મિક જૈન સંસ્થાઓ, દેરાસરો, તીર્થો, ઉપાશ્રયો અને સાતે ક્ષેત્રો વિગેરેના વહીવટોની દેખરેખ એક મધ્યસ્થ કેન્દ્રથી થાય.

(૨) આ મધ્યસ્થ કેન્દ્ર શ્રી શ્રમણ-સંઘ-પ્રધાન શ્રી ચતુર્વિધ સંઘની સંમતિથી બનાવવું.

(૩) દરેક સ્થલોના દરેક વહીવટો જેઓના હસ્તક હોય તે તે પ્રમાણે રહે, અને અવસરે અવસરે જેઓ વહીવટદાર તરીકે નીમાય-તેઓના હસ્તક રહે. વહીવટ કોઇની પાસેથી લઇ લેવાનો નથી, પરંતુ વહીવટો જેમ સરકાર પાસે રજીસ્ટર કરાવવા રહે છે અને તેના વહીવટદારો ટ્રસ્ટએકટની નિયમાવલીને આધીન રહી કમિશ્નરોના હુકમનો અમલ કરવો પડે તેમ છે. તેના બદલે તે આખું તંત્ર આપણા જ મધ્યસ્થ કેન્દ્રની સીધી દેખરેખ તળે રહે. જેના ધારાધોરણ નિયમો આપણા શાસ્ત્રાનુસારે અને શ્રી સંઘની ચાલુ શીસ્ત મુજબ નક્કી કરવામાં આવશે.

(૪) આ મધ્યસ્થ કેન્દ્ર, પ્રાંતવાર અને જીલ્લાવાર વ્યવસ્થાને પહોંચી વળવા, પેટા કેન્દ્રો અને કાર્યવાહકો નીમશે.

(૫) આ પ્રબંધ થયા પછી કોઇ પણ સ્થળના કોઇ પણ વહીવટ સંબંધમાં, અવ્યવસ્થા, ફરિયાદ, કે અગવડ હોય તે મધ્યસ્થ કેન્દ્રને જણાવે અને મધ્યસ્થ કેન્દ્ર યોગ્ય તપાસ કરી અગવડ અને ફરિયાદ દૂર કરવા ઘટતું સર્વ કરે, આથી કોઇને પણ કોર્ટ આદિમાં જવાનું રહેશે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૬ ) મધ્યસ્થ કેન્દ્રના નિર્ણયમાં અસંતોષ રહે તો અપીલના સ્થાન તરીકે પ્રતિષ્ઠિત આચાર્યવર્યો અને તેઓશ્રીની નિશ્રામાં સલાહકાર તરીકે પ્રતિષ્ઠિત ગૃહસ્થો રહેશે તેઓ તેનો યોગ્ય નિર્ણય આપશે.

( ૭ ) ઉપર મુજબની યોજના ઘડવામાં યોગ્ય સુધારાવધારા સૂચવવા માટે શ્રી ચતુર્વિધ સંઘના આગેવાનો, વિચારકો અને વિદ્વાનોની, તથા કાયદા કાનૂનના જાણકાર શ્રાવક આગેવાનોની સલાહની જરૂર રહે છે. આવી સૂચનાઓ, સલાહ અને વાટાઘાટ થયા પછી તે બધાના નિષ્કર્ષરૂપ નિયમો તૈયાર કરવામાં આવશે, ત્યાર બાદ શ્રી ચતુર્વિધ સંઘ એક સ્થળે મળી તે અંગે છેવટનો નિર્ણય કરશે.

( ૮ ) ધી મુંબઇ પબ્લીક ટ્રસ્ટ એકટના અમલની મુદત તા. ૧૫-૧૦-૧૯૫૧ સં. ૨૦૦૭ આસો વદ ૧ સોમવારની છે. તે પહેલાં આ બધું થવું જોઇએ, માટે જે જે શહેર, ગામ અને સ્થલોએ પૂજ્ય આચાર્યવર્યો, પદસ્થો અને સાધુ–સાધ્વીઓનાં ચોમાસાં છે, ત્યાં તેઓશ્રી ઉપદેશ આપી આપણી આ યોજના શ્રી સંઘના આગેવાનો તથા વહીવટદારોને સમજાવે. તેઓને અહીં મોકલે, પોતાનાં તથા તેઓના સૂચનો મોકલાવે અને જે સ્થળે સાધુ–સાધ્વી ચાતુર્માસ ન હોય, ત્યાંના આગેવાનો સ્થાનિક સંઘને એકત્ર કરી આ યોજના સમજાવે અને પોતપોતાના સંઘના આગેવાનોને વિચારવિનિમય કરવા તથા રૂબરૂ વાટાઘાટ કરવા સં. ૨૦૦૭ના પરમ પવિત્ર પર્વાધિરાજ પર્યુષણ પહેલાં પાલીતાણા શ્રી શ્રમણ–સંઘ સમક્ષ મોકલે.

( ૯ ) જેઓને રૂબરૂ આવવા જરૂર ન લાગે અગર જેઓ ન આવી શકે, તેમણે પોતાના સંઘ તરફથી સર્વાનુમતે સંમતિ મોકલી આપવાથી પણ ચાલશે. આ બાબત દરેક જૈન સંઘને એક સરખી રીતે લાગુ પડે છે. આમાં કોઇ પક્ષ કે મતભેદને સ્થાન નથી.

( ૧૦ ) અત્રેના શ્રી શ્રમણ સંઘે આ બાબતની દરેક વિચારણા કરવાનું ચોમાસા બાદ જ્યારે શ્રી બૃહદ્ શ્રમણ સંઘ એકત્રિત થાય ત્યારે રાખેલ, પરંતુ કાયદાના અમલની મુદત નજીક છે તેથી અમારે આપણી સંસ્થાઓ અને દેવદ્રવ્યાદિના રક્ષણ તથા હિત માટે યોગ્ય વિચાર કરી નિર્ણય કરવાની તુરતમાં જરૂર જણાયાથી હાલ તુરત આ વિચારણા યોજવી પડી છે.

( ૧૧ ) શ્રી સમસ્ત શ્રમણ–સંઘને વિજ્ઞપ્તિ છે કે આ બાબત મહત્વની છે તેથી ઘટતું તાત્કાલિક ધ્યાન આપી ત્યાં શ્રી સ્થાનિક સંઘને ઉપદેશ આપી ઉત્સાહિત કરશો અને આપની કિંમતી સલાહ પણ જણાવશોજી. વળી સમસ્ત શ્રાવક સંઘને ભલામણ છે કે આ કાર્યમાં સક્રિય કામ તમારે કરવાનું છે, માટે પ્રમાદને છોડી તન, મન અને ધનથી આ મહત્વના કાર્યમાં સહકાર આપશો.

( ૧૨ ) આ બાબત શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના માનવંત આગેવાન પ્રતિનિધિ શેઠ શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સાથે પણ તા. ૭-૭-૧૯૫૧ ના રોજ ખુલાસાથી વાતચીત થઈ છે અને તેઓએ આ પ્રમાણે કાર્ય થાય તે ઇચ્છવા યોગ્ય છે એવી સંમતિ આપેલ છે. લી૦

પત્ર વ્યવહારનું સીરનામું
શ્રી જૈન શ્રમણ સંઘ
આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ.
ઠે૦ પંજાબી જૈન ધર્મશાળા
પાલીતાણા ( સૌરાષ્ટ્ર )
વિ. સં. ૨૦૦૭ વીર સં. ૨૪૭૨
શ્રાવણ શુદ ૧ શુક્રવાર તા. ૩-૮-૫૧

શ્રી પાલીતાણા સ્થિત શ્રમણ સંઘ તરફથી,
આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ.ની આજ્ઞાથી
લી૦ પં. સમુદ્રવિજય
આ. કીર્તિસાગરસૂરિ દઃ પોતે ( બોટાદ )
આ. વિ મહેન્દ્રસૂરિ દઃ પોતે
आ. वि. हिमाचलसूरि दः खूद (वढवाण शहेर)
આ. ચન્દ્રસાગરસૂરિ દઃ પોતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## શ્રી સિદ્ધગિરિ મહોત્સવ.

પાલીતાણા સિદ્ધક્ષેત્ર પંજાબી જૈન ધર્મશાલામાં આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની અધ્યક્ષતામાં મુનિશ્રી પ્રીતિવિજયજી તથા મુનિશ્રી હેમવિજયજી તથા (સ્વર્ગીયા) વિદુષી સાધ્વી પ્રવર્તની શ્રી દેવશ્રીજીની શિષ્યા-પ્રશિષ્યાઓમાં સાધ્વીશ્રી તરુણશ્રીજી, (દોઢ માસની ભાવના છે) કાન્તાશ્રીજી, કંચનશ્રીજીએ કરેલ માસખમણની તપશ્ચર્યા તેમજ સાધ્વીજીશ્રી નંદાશ્રીજીએ કરેલ અઠ્ઠાઈ, વિદ્યાશ્રીજીએ કરેલ અષ્ટાપદજીની તપશ્ચર્યા, પુષ્પાશ્રીજીએ કરેલ સિદ્ધિતપ અને બીકાનેરનિવાસી બાઈ ભાણી તથા બાઇ રતને કરેલ માસખમણની તપશ્ચર્યા નિમિત્તે બીકાનેરનિવાસી શેઠ નથમલજી જ્ઞાનચંદજી કોઠારીએ શ્રી આત્માનંદ પંજાબી જૈન ધર્મશાળાના શ્રી વાસુપૂજ્યસ્વામીજીના દહેરાસરમાં ધામધૂમથી સમારોહપૂર્વક અઠ્ઠાઇમહોત્સવ કરવામાં આવ્યો અને શ્રાવણ વદ ૨ (બીજ) ને રોજ બીકાનેરનિવાસી શેઠ ધનરાજજી વિજયચંદજી કોચર અને કપડવંજવાલા શેઠ કસ્તુરચંદ નિહાલચંદના તરફથી ઘણી જ ધામધૂમથી સમારોહપૂર્વક વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

વરઘોડામાં સૌથી પહેલા નગારખાનું, હાથી, ઈન્દ્રધ્વજ, નિઝામબેન્ડ, કોતલઘોડા બે, નીતિસૂરિ બેન્ડ, શ્રી સિદ્ધક્ષેત્ર બાલાશ્રમના વિદ્યાર્થી, શ્રી યશોવિજયજી જૈનગુરૂકુલના વિદ્યાર્થીઓના બેન્ડ, ત્રણ તપસ્વી બહેનોની મોટરને (ફુલહારથી) શણગારવામાં આવી હતી. ખાસ ભાવનગરથી મંગાવેલ મીઠુ બેન્ડ પોતાના રસીલા સ્વરનિથી જનતાના મનને આનંદિત કરી રહ્યું હતું. એ પછી પૂ. પા. આચાર્ય ભગવંતો, પંન્યાસો આદિ શ્રી શ્રમણસંઘ અને મહાજન મંદ ગતિએ ચાલતા શોભી રહ્યો હતો. એ પછી લબ્ધિસૂરિ બેન્ડ, પછી ચાંદીનો રથ જેમાં પ્રભુજી બિરાજમાન હતા, પછી શ્રીમાલી બેન્ડ, ત્યારબાદ કાઠનો રથ જેમાં શ્રી કલ્પસૂત્રની સ્થાપના કરવામાં આવી હતી. વરઘોડો મુખ્ય મુખ્ય લતાઓમાં ફરી શ્રી આદીશ્વર ભગવાન અને શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરી પંજાબી ધર્મશાળામાં પહોંચ્યો હતો. ત્યાં પ્રભાવના લઇ સૌ પોતપોતાના સ્થાને ગયા હતા. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સામે સાકરીઆ પાણીનો પ્રબંધ કરવામાં આવેલ જેનો લાભ ભાઇ બ્હેનોએ લીધો હતો.

### પારણા.

તપસ્વીઓના પારણા શ્રા. વ. છઠે સુખશાંતિપૂર્વક થયાં છે અને આજથી બીજો મહોત્સવ શરૂ થયો છે.

## પંજાબી જૈન ધર્મશાળા

તા. ૮-૯-૫૧

પૂ. પાદ આ. ભ. શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સપરિવાર પંજાબી જૈન ધર્મશાળામાં બિરાજવાથી શાસનોન્નતિનાં કાર્યો થતા રહે છે.

પર્વાધિરાજ પર્યુષણાપર્વ સારી રીતે આનંદપૂર્વક આરાધન કરવામાં આવ્યા છે. તપ-જપ-નિયમ-વરઘોડા વિગેરે સર્વ કાર્યો સારા થયા છે.

અક્ષયનિધિના તપમાં લગભગ બસો ભાઈ બહેનોએ મલી સારો લાભ લીધો. તપસ્વીઓને એકાસણાદિનો લાભ નાગોરનિવાસી શેઠ કાનમલજી કપુરચંદજી સંઘવી સમદડીઆ અને શેઠ સકરચંદ મોતીલાલ મુલજી આદિએ લીધો તથા ભા. શુદ ૫ ને ઉપરોક્ત સંઘવીજીના તરફથી અક્ષયનિધિ તપનો વરઘોડો ધામધુમથી કાઢવામાં આવ્યો હતો. એમાં આચાર્ય વર્ય, પંન્યાસ, ગણિ મ૦ અને સાધુ મહારાજાઓ પધાર્યા હતા અને શ્રાવક શ્રાવિકાનો સમુદાય પણ સારા પ્રમાણમાં હતો.

પંજાબ આદિથી ભાવિકો પર્યુષણા પર્વ આરાધન કરવા પધાર્યા હતા. ભા. સુ. ૧૧ સે જગદ્ગુરુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજની જયંતિ ઉજવવાની તૈયારીઓ ચાલી રહી છે.

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ની સાનિધ્યમાં તપશ્ચર્યા કરનારા મહાનુભાવોની શુભ નામાવલી.

પં. સમુદ્રવિજયજી ચૌમાસી તપ કરે છે અને પર્યુષણામાં છઠ્ઠ અને અઠ્ઠમ પણ કર્યો. મુનિશ્રી શિવવિજયજી છઠ્ઠ છઠ્ઠ પારણું કરે છે અને અઠ્ઠમ પણ કરેલ. ઇંદ્રવિજયજીએ છઠ્ઠ અને અઠ્ઠમ, વિશારદવિજયજી ચાર ઉપર અઠ્ઠમ, તપસ્વી પ્રકાશવિજયજી, ૧૧, બળવંતવિજયજી ચાર. જયવિજય, ન્યાયવિજયજી છઠ્ઠ અને અઠ્ઠમ, વસંતવિજયજી, હિંમત વિજયજી છઠ્ઠ, પ્રીતમવિજયજી માસખમણ અને પર્યુષણામાં અઠ્ઠાઇ હેમવિજયજી માસખમણ, ઓંકારવિજયજી અઠ્ઠમ, નંદનવિજયજી ચાર અને અઠ્ઠમ.

## સાધ્વીયોમાં તપશ્ચર્યા.

તરૂણશ્રીજી દોઢ મહિનો, વિવેકશ્રીજી સિદ્ધાચલજી તપ અને નવ ઉપવાસ અને અઠ્ઠમ, ચંપાશ્રીજી એ ચાર-ચાર અને અઠ્ઠમ, ચંદ્રશ્રીજી છઠ્ઠ, વસંતશ્રીજી વિચારશ્રીએ ચાર, ચાર, નંદાશ્રીજી અને વિદ્યાશ્રીજી ચત્તારિ અઠ્ઠમ દસ દોયં, હેમેન્દ્રશ્રીજી ૧૬, કાંતાશ્રીજી અને કંચનશ્રીજી માસખમણ, પ્રકાશશ્રીજી, પ્રબોધશ્રીજી, વિનીતાશ્રીજી, દક્ષશ્રીજી, જશવંતશ્રીજી, રાજેન્દ્રશ્રીજી અઠ્ઠાઇ, અઠ્ઠાઈ, તરૂણશ્રીજી ચાર, દર્શનશ્રીજી ૬, પુષ્પાશ્રીજી અષ્ટાપદ તપ, ચિંતામણિશ્રીજી ૧૬, ચિદાનંદશ્રીજી ૧૦ અને અઠ્ઠમ, રંજનશ્રીજી ૯, પુણ્યશ્રીજી સાત, આનંદશ્રીજી પાંચ અને અઠ્ઠમ, ચારિત્રશ્રીજી, વિજ્ઞાનશ્રીજી, કુમુદશ્રીજી, જયશ્રીજી, જીતેન્દ્રશ્રીજી, જિનેન્દ્રશ્રીજી, વિશુદ્ધશ્રીજી, મુક્તાશ્રીજીએ અઠ્ઠમ અઠ્ઠમ.

### માસખમણ કરનાર બે મુનિઓ.



મુનિરાજશ્રી પ્રીતિવિજયજી મહારાજ   મુનિરાજશ્રી હેમવિજયજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીકાનેર અને પંજાબની ચાર બહેનોએ માસખમણ અને બીજીએ એ ૧૬, ૧૬, ૧૫, ૧૫ વગેરે સારી તપશ્ચર્યા કરી.

આચાર્યશ્રીજીએ અઠ્ઠાઇ વ્યાખ્યાન અને શ્રી કલ્પસૂત્ર મુનિશ્રી જનકવિજયજીની સહાયતાથી વાંચ્યું. બીજી વાંચના પંન્યાસજીશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજે વાંચી સંવત્સરીના દિવસે શ્રી બારસાસૂત્ર મુનિશ્રી જનકવિજયજીએ વાંચ્યા.

ચૈત્યપરિપાટી સવારે કરવામાં આવી.

---

**નયચક્ર ગ્રંથ માટેનું ઉપયોગી સાધન**

મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ માલેગાંવ (નાશિક) થી શ્રાવણ વદી ૯ નાં પત્રમાં જણાવે છે કે:—

" તમો જાણીને રાજી થશો કે–એક ટિબેટન ગ્રંથ કે જેની નયચક્રમાં જરૂર છે અને ફ્રાંસમાં જ છે તે મેળવી આપવાનું કામ બ્રિટિશ ગવરમેન્ટે માથે લીધું છે. આજે જ તેમનો પત્ર લંડનથી આવ્યો છે.

ભાંડારકરનો પત્ર હતો કે તેઓ તેમના જર્નલમાં ત્રિષષ્ટિનો " રિવ્યુ " લેશે. એટલે આપણો ગ્રંથ ઠામઠામ પ્રસિદ્ધ થશે તે જાણશો અને રાજી થશો. હવે આપણા સાહિત્યનો આપણે આ રીતે જ પ્રચાર કરવો જોઇશે. " દ: જંબુવિજય.

---

## નયચક્ર મહાશાસ્ત્ર

જૈન દર્શનના વિદ્વાનોને જણાવતાં અમને અત્યંત આનંદ થાય છે કે:—ભગવાન મલ્લવાદી ક્ષમાશ્રમણ વિરચિત **નયચક્ર** ગ્રંથના સંશોધનમાં અત્યંત ઉપયોગી **પ્રમાણસમુચ્ચય નામના** બૌદ્ધ ગ્રંથની **જિનેન્દ્રબુદ્ધિવિરચિત વિશાલમલવતી** નામની ૬૯૮ પાના જેટલી મહાન ટીકાનો ટિબેટન ગ્રંથ ( તાંજૂર, નાં **૧૧૫** ટિબેટન xylograph ) કે જે ગ્રંથ આડયર( મદ્રાસ )ની **થિઓસોફિકલ સોસાયટીની** લાયબ્રેરીમાંથી મેળવવા માટે ઘણા પ્રયત્નો કરવા છતાં મળી શક્યો ન હતો તેમજ એક લાખ રૂપીઆ ડીપોઝીટ મૂકીએ; તો પણ જે ગ્રંથ આપવાની તેમણે ના પાડી હતી તે ગ્રંથ આખરે તેજ લાયબ્રેરીમાંથી **પુનાના** બે વિદ્વાનો દ્વારા મેળવવામાં મુનિ જંબૂવિ૦ને સફળતા મળી છે. તે બે પૈકીના એક **ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટયુટ**- ( પુના )ના કયુરેટર શ્રી **પરશુરામ કૃષ્ણાજી ઉર્ફે ભાઉસાહેબ ગોડે** છે, કે જેઓ વિદ્વાન અને સંશોધક તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા નામાંકિત સજ્જન છે, અને બીજા વિદ્વાન શ્રી **વાસુદેવ વિશ્વનાથ ગોખલે** M. A. PH. D. છે. કે જેઓ **પુનાની ફર્ગ્યુસન કોલેજમાં** જર્મન ભાષાના અધ્યાપક હોવા ઉપરાંત, સંસ્કૃત, પાલી, ફ્રેંચ, ચાઇનીઝ, ટિબેટન આદિ ભાષાના તેમજ બુદ્ધિસ્ટ સાહિત્યના નિષ્ણાત છે અને હમણાં જ **ટિબેટમાં ભારત સરકારના** એલચી ખાતામાં કામ કરીને પાછા ફર્યા છે. ઉપરોકત ગ્રંથ મેળવી આપવા માટે **સભા** આ બંને વિદ્વાનોનો આભાર માને છે. અને ટૂંક વખતમાં અમારા તરફથી પ્રગટ થનાર **નયચક્ર ગ્રંથ** કે જે જૈન શાસનનો મહાન દાર્શનિક ગ્રંથ છે તેના સંશોધનમાં ઉપયોગી બૌદ્ધ દાર્શનિક ગ્રંથ પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આ રીતે મળવા બદલ સંતોષ અનુભવે છે.

લી૦ **જૈન આત્માનંદ સભા.**

---

# સ્વીકાર–સમાલોચના.

૧ **શ્રી ભગવતીસૂત્ર**—આ મહાન આગમના વ્યાખ્યાન ગ્રંથમાં ૧૩ જુદા જુદા વિષયોની જુદી જુદી અનુક્રમણિકા નોંધ આપી છે અને આ ગ્રંથમાં આવતા ૧૮ કથાપ્રસંગો આપી એ વિષયો અને કથાઓ પા. ૫૫૬ પેજમાં પૂર્ણ થાય છે. પ્રણેતા અને વિવરણથી આ ગ્રંથની શરૂઆત થાય છે. વ્યાખ્યાતા આચાર્ય મહારાજશ્રી **વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ** વિદ્વાન હોવાથી જેમ તેઓ સાહેબે ઘણા ગ્રંથો જે વિદ્વત્તાપૂર્ણ લખ્યા છે તેમ આ પૂજ્ય ભગવતીસૂત્રના વ્યાખ્યાનો પણ વિદ્વત્તાપૂર્ણ અને સરલ રીતે આપેલા છે. ગૃહસ્થાશ્રમી આગમો વાંચવાના અધિકારી નહિ હોવાથી આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિદ્વાન્ મહાપુરૂષની કોઈપણ કૃતિ કે કોઇપણ સૂત્રો, ગ્રંથો વગેરેના વ્યાખ્યાનો પણ મનનપૂર્વક વાંચનાર આત્મકલ્યાણ સાધી શકે. ગૃહસ્થાશ્રમી માટે શ્રી ભગવતીસૂત્ર જેવા પૂજ્ય આગમોને વાંચવાનો આ રીતે લાભ આચાર્ય મહારાજે આપી મહદ્ ઉપકાર કર્યો છે. જ્ઞાનભંડાર, લાયબ્રેરી, ગૃહલાયબ્રેરી માટે એક ઉપયોગી સાહિત્ય સૂત્રાર્થ અને શ્રૃંગારરૂપ આ ગ્રંથ બનેલો છે.

શ્રી મલ્લવાદી ક્ષમાશ્રમણ વિરચિત.

૨ દ્વાદશારનયચક્રમ્ ( બીજો ભાગ )

( તૃતીય-ચતુર્થ-પંચમ-ષષ્ઠ રાત્મકઃ )

**સંપાદક શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ.**

પ્રસિદ્ધકર્તા શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા છાણી.

કિંમત ૭ રૂપીયા.

જૈનદર્શનના ન્યાય( સાહિત્ય )નો મુખ્ય અને અપૂર્વ આ ગ્રંથ છે. એ અમોને સમાલોચનાર્થે ભેટ મળ્યો છે. આ ગ્રંથ માટે ન્યાય કે સમાલોચના ન્યાયવેત્તા વિદ્વાન્ પુરૂષજ આપી શકે. સાહિત્ય વિષયમાં તેના અલ્પજ્ઞ કે અજાણ શું લખી શકે? બાકી આવા અપૂર્વ વિવિધ સાહિત્યના વિષયોવાળા ગ્રંથો માટે સંપાદક આચાર્યદેવ જેવા વિદ્વાન પૂજ્ય પુરૂષોનો આ પરિશ્રમ જૈનસમાજ માટે અત્યંત ઉપકારક ગણાય. ગ્રંથ નિર્ણયસાગર પ્રેસમાં વિવિધ સુંદર શાસ્ત્રી ટાઇપોમાં ઉંચા કાગળો, ટકાઉ બાઈડીંગ સાથે પ્રસિદ્ધ થયેલ. આ ન્યાયનો ગ્રંથ આકર્ષક બન્યો છે.

**૩ અમૃત ક્રિયાના દિવ્ય માર્ગો**—લેખક મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજ. ધર્મ ક્રિયાના જે અનુષ્ઠાનો શાસ્ત્રકાર મહારાજે બતાવ્યા છે તેમાં અમૃત અનુષ્ઠાનના જ આત્મ કલ્યાણ-મોક્ષસાધક માટે ઉપયોગી છે. આ લઘુ પુસ્તિકામાં વિદ્વાન મુનિરાજે સારું વિવેચન લખેલું છે જે મનન કરી આરાધના આદરવા જેવું છે. કિમત ચાર આના. પ્રકાશક-શ્રીદાનસૂરીશ્વરજી ગ્રંથમાલા-અમદાવાદ.

૪ સદ્ગુણાનુરાગી શ્રી **કર્પૂરવિજયજી લેખસંગ્રહ** ભાગ ૯ મો-શાંતમુર્તિશ્રી કર્પૂરવિજયજી મહારાજની કૃતિના આઠ ભાગો પ્રથમ પ્રકટ થઇ ચુકયા છે. આ તે ગ્રથમાલાનો નવમો ભાગ છે કે જેમાં અત્યાર સુધીમાં નહિ પ્રકટ થયેલ હસ્તલિખિત્ લેખોનો સંગ્રહ અને બીજા ભાગમાં નહીં પ્રગટ થયેલા બાકીના લેખો છે. લેખક મહાત્માનો સાદી અને સરલ ભાષામાં સર્વ સમજી શકે તેવો આખો સગ્રહ છે. મહાત્માશ્રી કર્પૂરવિજયજી મહારાજે જીવન દરમિયાન કેટલું વાંચેલું, સંગ્રહેલું, વિચારેલું, એ સર્વનો થયેલો પરિપાક જન સમુહના ઉપકાર માટે તેઓશ્રીનો આ લેખ સંગ્રહ છે. કિંમત દોઢ રૂપીયો. પ્રકાશક શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઇ

**૫ શાસનસમ્રાટ્ જીવનસૌરભ-શ્રી વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજ સાહેબનું ઉપકારક જીવનવૃત્તાંત કે જેમાં જૈન શાસનની કરેલી સેવા, પ્રભાવના જન કલ્યાણમાં કરેલા ઉત્તમ કાર્યોની નોંધ આ ગ્રંથમાં તેના લેખક પૂજ્ય મુનિરાજ શ્રી દક્ષવિજયજી મહારાજે સ્વર્ગવાસ પછીના ચમત્કારો સાથે આપેલ છે. શાસનસમ્રાટ જીવનસૌરભ ગ્રંથનું નામ યોગ્ય હોવા છતાં શાસનસમ્રાટને બદલે જૈન દર્શન સમાજની **એક મહાન વિભૂતિ** હતા તેમ કહેવું વધારે યોગ્ય છે. આચાર્ય ભગવાન શાસનસમ્રાટની સૌરભનો જવાબ તો તેમના ઉત્તમ કાર્યોની નોંધ જ્યારે જ્યારે વંચાશે ત્યારે ત્યારે તે સૌરભ પ્રસરશે.

**૬ સ્વાધ્યાયરત્નાવલિ** ( સજ્ઝાયમાળા ) પ્રથમ ખંડ. રચયિતા પં. ધુરન્ધરવિજય ગણી-શ્રી. વૃદ્ધિ નેમિ-અમૃત-ગ્રન્થમાલા-ગ્રન્થાંક ૨૧ પૃષ્ઠ ૧૯૨ આ પુસ્તિકામાં ભરહેસરની સજ્ઝાયમાં આવતાં સંતપુરુષોનાં સંક્ષિપ્ત જીવનચરિત્રો ઉપરાંત તે તે દરેક મહાપુરુષની નૂતન બનાવેલ સજ્ઝાય પણ આપવામાં આવી છે. પ્રયાસ પ્રશંસનીય છે.

કિં. રૂા. ૧-૪-૦ સભાને ભેટ મળી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-

## શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણય-સાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મેોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

---

## જ્ઞાન પ્રદીપ ભાગ બીજો.

### લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જ્ઞાનના પરિપાકરૂપે ધાર્મિક, નૈતિક અને સામાજિક વિષયો, લેખો કે જે સંસારમાં અટવાયેલા મનુષ્યને સાચી માનવતાનો રાહ બતાવનાર, આબાલવૃદ્ધ સર્વ જનસમૂહને હૃદયસ્પર્શી થતાં મનનપૂર્વક પઠન-પાઠન કરનારને બોધપ્રદ અને સાથે આત્મિક આનંદ થવા સાથે મનુષ્ય જન્મની કેમ સફલતા થાય તેવી રીતે સુંદર સુગંધી પુષ્પમાળારૂપે ગુંથી સાદી, સરલ, રોચક ભાષામાં તૈયાર કરવામાં આવેલ છે. પ્રથમ ભાગની એટલી બધી પ્રશંસા થઈ હતી કે તેનો બીજો ભાગ જલદી પ્રકટ કરવા ઉપરા ઉપર માંગણી થતાં આચાર્ય મહારાજની કૃતિના નવા ૩૭ વિવિધ વિષયોનો સમૂહ છે તે પ્રકટ કરવામાં આવેલ છે. તેની કિંમત રૂા. ૪) છે. વિશેષ લખવા કરતાં વાંચીને લાભ લેવા નમ્ર સૂચના છે.

---

## ૧ મહાસતી શ્રી દમયંતી ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે રહી છે. )

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ. સચિત્ર.

પૂર્વના પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, એ અસાધારણ શીલના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભક્તિ, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખે વખતે ધીરજ, શાંતિ રાખી કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે. તેની ભાવભરીત ને તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે. ફોર્મ ૩૯ પાના ૩૧૨ સુંદર અક્ષરો, સુંદર બાઇડીંગ કવર જેકેટ સહિત કિંમત રૂા. ૭-૮-૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, શુમારે સાડાત્રણસેં ઉપરાંત પાનાઓ, પ્રાચીન કલાની દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેતશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, સિંહપુરી નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઈડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઈ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઈ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

---

## શ્રી વર્તમાન ચોવીશીના જિનેશ્વર ભગવંતોનાં સંક્ષિપ્ત (સચિત્ર) જીવન ચરિત્રો.

વિદ્વાન પૂર્વાચાર્ય શ્રી અમરચંદ્રસૂરીશ્વરજીએ સંવત ૧૩૪૯ ની સાલમાં રચેલ, શ્રી આદિનાથ પ્રભુ આદિ ચોવીશ તીર્થંકર ભગવંતોના સંક્ષિપ્ત જીવન ચરિત્રો સાદા સરલ અને ટુંકા છે. તેમાં ( જિનેન્દ્ર ભગવંતો ) ના વિવિધ રંગના શાસન દેવદેવીઓ સહિતના ફોટાઓ, તેમજ રેખા ચિત્રો રંગીન મુકી ગુજરાતી ભાષાંતર છપાવવાનું કાર્ય શરૂ થયું છે. જેમાં ચરિત્રો સાથે પરમાત્મા પચ્ચીશી પરમાત્મા જ્યોતિ પચ્ચીશી, શ્રી વીતરાગ સ્તોત્ર અને શ્રીમાન હરિભદ્રસૂરિકૃત પ્રથમ અષ્ટક મૂળ અનુવાદ સાથે આ ચરિત્ર ગ્રંથમાં આપવામાં આવશે. આ ચરિત્ર ગ્રંથ પુણ્યપ્રભાવક ઝવેરી શેઠ ભોગીલાલભાઈ ટીપચંદે સુકૃતની મળેલી લક્ષ્મીવડે આ જ્ઞાન ભક્તિના કાર્ય માટે આર્થિક સહાય આપી આત્મ-કલ્યાણ કરેલ છે.

---

## આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો.

જૈન સમુહનું કલ્યાણ કરનારા મહાન્ પૂર્વાચાર્ય મહારાજાઓ રચિત કથનુયોગ ( કથા સાહિત્ય ) માંથા પુષ્પો લઈ જુદી જુદી આદર્શ ( જૈન સ્ત્રી રત્નો ) શીલવતી વગેરે પવિત્ર આઠ રમણીઓનું સુંદર, રસિક, બ્હેનો માટે આદરણીય, અનુકરણીય, સ્ત્રી-ગૃહિણી અને પવિત્ર સ્ત્રી રત્નો થવા માટે આ સતી ચરિત્રો આલંબન રૂપ હોવાથી પ્રકાશન કરેલ છે. દરેક સતી ચરિત્રોનું પઠન, પાઠન કરતાં અનેક વિધ આદર્શો અનુપમ રીતે જોવાય છે. વિશેષ લખવા કરતાં વાંચકને મનન પૂર્વક વાંચવા નમ્ર સુચના છે. ટાઈપો અને સારા કાગળ ઉપર સરલ ગુજરાતી ભાષામાં મજબુત અને આકર્ષક બાઈન્ડીંગથી તૈયાર કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ અલગ. ફકત જુજ નકલો સીલીકમાં છે.

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only